કુમાર



સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૧મું
અંક ૯મો

સપ્ટેમ્બર ૧૯૮૪

સળંગ અંક
૭૨૯

તંત્રી
બિહારીલાલ ટાંક

શાર્દૂલ
ભુવનેશ્વરના
રાજરાણી
મંદિરનું
બારમી સદીનું
એક
શિલ્પરત્ન



ભ્રમર : ૧૮–૧૯મી સદીના જાપાની કલાકાર મોરી સોસેને કાગળ ઉપર આલેખેલું આ 'ખાકિમોનો' છે. પશ્ચાદ્ભૂમાં કશી જ વિગત ન ભરતાં માથા પર મંડરાતા ભમરાને નીરખી રહેલા વાંદરાના કુતૂહલને અને લાગ મળે તો ભમરાને એકાદ થાપટ લગાવવાની તૈયારીને કલાકારે સચોટ રીતે દર્શાવી છે, અને તે યે માત્ર કાળી શાહીના પીંછી વડે કરેલા ઓછામાં ઓછા લસરકાથી. ચિત્રમાં ભમરાનું કદ ભલે તદ્દન નાનું હોય પણ ચિત્રવિષયને અનુરૂપ એવા કેન્દ્ર સ્થાને કલાકારે તેને મૂકવામાં, તથા વાંદરાના શરીર પરની રુવાંટીની રેશમી સુંવાળપ ઉતારવામાં પોતાની કલાશક્તિ દાખવી છે. અહીં મોટા કરી બતાવેલા આ ચિત્રના અંશમાં તે જોઈ શકાશે.



દેવો ધાધલ : ગુજરાતી સાગરસાહિત્યના સન્માન્ય લેખક સ્વ. 'સુકાની'ની સાહસિક વીરત્વભરી સાગરકથા કિં. રૂ. ૧૫-૦૦

ગલગોટા : બાળકોનાં રસરુચિને પોષે એવાં સ્વ. દેશળજી પરમાર રચિત જોડકણાં અને રંગીન ચિત્રોની પુસ્તિકા કિં. રૂ. ૩-૦૦

મારી ચિત્રસૃષ્ટિ : સ્વ. રવિશંકર રાવળનાં વિવિધ પાત્રો નિરૂપતાં ચોવીસ ચિત્રોની હાથપોથી કિં. રૂ. ૪-૦૦

રૂપસંહિતા : ચિત્રકાર વાસુદેવ સ્માર્ત સંપાદિત ૨૦૦૦ ભારતીય અલંકરણોના સમૃદ્ધ રૂપકલા-કોષની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ કિં. રૂ. ૨૦૦ (૫-૫૦ રજિ પો. અલગ)

જલન : ગઝલકાર શ્રી જલન માતરીનો ગઝલ સંગ્રહ રૂ. ૧૫-૦૦

સાત મહાકાવ્યો : (કવિલોક પ્રકાશન) રૂ. ૨૪-૦૦

સંકલિત કવિતા (જયવદન તક્તાવાલા પ્રકાશન) રૂ. ૯૦-૦૦

રાજેન્દ્ર શાહ અધ્યયન-ગ્રંથ " રૂ. ૩૦-૦૦

શ્રી ધીરુ પરીખના બે કાવ્યસંગ્રહો

આગિયા : (કવિલોક પ્રકાશન) હાઈકુસંગ્રહ રૂ. ૧૫-૦૦

અંજપચીસી : (કવિલોક પ્રકાશન) આધુનિક છપ્પા રૂ. ૮-૦૦

દરેકનું પોસ્ટેજ અલગ

પ્રાપ્તિસ્થાન : કુમાર કાર્યાલય લિ.

૧૪૫૪ રાયપુર ચકલા, અમદાવાદ-૧

ફેન્સી પ્રિન્ટ્સ માટે મળો



સુકુમાર ઍન્ડ કંપની

૮૧, ચીખલ ગલી

મૂળજી જેઠા મારકીટ

મુંબઈ-૪૦૦ ૦૦૨

'વધુ ઝાડ વાવો'

સપ્ટેમ્બર ૧૯૮૪

સળંગ અંક ૭૨૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા- અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

'કુમાર'માંનાં સર્વ લખાણો-ચિત્રો-ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે



આંડાળ

(વિશેષ નોંધ)

આળવાર ભક્તોમાં ભક્ત કવયિત્રી આંડાળ વા અંડાળનું નામ તમિળનાડુમાં સુવિખ્યાત છે. 'ગોદા' નામે પણ એ ઓળખાતી. સીતાજીની જેમ એ પેરી આળવારને મળી હતી. પેરી આળવારનું બીજું નામ હતું વિષ્ણુચિત્ત. આંડાળ 'ચૂડિક્કોડૂથ નચ્ચિયાર' નામથી પણ ઓળખાતી હતી. તે કાયમ ફૂલનો હાર પહેરતી અને પોતાને ઇશ્વરની પત્નીરૂપ માનતી. ગોદાના સાહિત્યિક અર્થ થાય છે (૧) મધુર ગીતો આપનાર, (૨) પૃથ્વી દ્વારા અપાયેલ, (૩) હાર આપનાર, (૪) પ્રકાશ, (૫) રોશનીપ્રકાશિત કરનારું અને (૬) પ્રગટીકરણ. શ્રીદેવીનું આ પ્રાચીન નામ છે.

ગોદા–આંડાળનો જન્મ આષાઢ માસમાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં થયો હતો. તમિળમાં આ આદિ માસ ગણાય છે. જન્મ સ્થળ મદુરાઇ નજીકનું શ્રીવિલ્લિપુતુર. એના જન્મસમય પરત્વે ઠીકઠીક મતભેદ છે. પારંપારિક મત પ્રમાણે કળિયુગના કળિ સંવત ૯૭માં આંડાળનો જન્મ થયાની માન્યતા છે. એ પ્રમાણે ઇ. સ. પૂર્વે ૩૦૦૫માં એ જન્મી ગણાય. આધુનિક વિદ્વાનો તેનો જન્મકાળ ઇ. સ. ૬૧૬ માને છે. 'History of Sri Vaishnavas'માં ટી. એ. ગોપીનાથ નવમી સદીના મધ્યમાં આંડાળનો જન્મ થયો હોવાનું નોંધે છે. આળવારોનો સમય ઇસુની પાંચમીથી આઠમી સદી મનાય છે. આંડાળનું જીવન લગ્ન-સમારંભની ગૂઢતાને નિર્દેશે છે. એનું લગ્ન એક રહસ્યાત્મક કથા છે અને છતાં ય તે ઇશ્વરની નવોઢા જ ગણાય છે.

એના કાવ્યસંગ્રહ 'તિરુપ્પાવૈ'માં ૩૦ વૃત્તબદ્ધગીતો છે. 'તિરુપ્પાવૈ' એટલે 'ગીતમાલા' અથવા 'ગીતહાર'. એના બીજા કાવ્યસંગ્રહ 'નચ્ચિયાર તિરુમોઝહી'માં ૧૪ સર્ગમાં વૃત્તબદ્ધ કવિતા વહેંચાયેલી છે.

ગોદા પાસે મહાન અને સાકારદૃષ્ટિ હતી, જે આધ્યાત્મિક પ્રેરક શક્તિ પર આધારિત હતી. આવી જ સાકાર અથવા પ્રત્યક્ષ દૃષ્ટિ આધુનિક કાળમાં રામકૃષ્ણ પરમહંસ પાસે હતી. એ કાલિના પરમ ઉપાસક હતા. આંડાળનું ભક્ત હૃદય એની કવિતામાં મ્હોરેલું છે. પ્રેમથી પરિપ્લાવિત થયેલું આંડાળનું હૃદય ઓગળીને કવિતામાં મધુરતા રૂપે અવતર્યું છે.

'Alvars of South India'માં શ્રી કે. સી. વરદાચાર્યે નોંધ્યું છે: One discerns in the composition (of Andal) the whole gamut of sensory, vital, exotic, mental and spiritual feelings interpenetrating in such a way as to present a heightened condition of mystic union...The spiritual marriage of Goda with the Lord was performed by her foster-father Visenuchitta in the temple of Srirangam. It is said she was merged in the image Andal, as she now became after mergence, sought to dwell in God and show the path of spiritual union through love in all the three worlds.'

રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી રામકૃષ્ણાનંદે આંડાળ સંબંધે લખ્યું છે કે વિષ્ણુ પરત્વેનો અનન્ય ભક્તિભાવ આંડાળની કવિતામાં વણાયો છે. તે વાચકને પ્રેમના અમૃતમય દરિયામાં ખેંચી જાય છે. તેનું પ્રેમાળ હૃદય આમાં ઓગળી ગયું છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

(આ સાથેનું આંડાળનું રેખાચિત્ર 'ભવન્સ જર્નલ'માંથી સાભાર લીધું છે.)

વાચકો લખે છે...

જાહેરખબરમાં ધર્મસૂત્ર

'કુમાર'માં અમારી જાહેરખબરમાં છપાએલી કુરૂઆન પાકની આયત અંગે એક મુસ્લિમ ભાઇએ વિરોધ કર્યો છે, જ્યારે એ જ જા.ખ. વાંચી તેમાંની આયતને વિચાર પ્રેરક લેખી તે માટે પ્રશંસા કરતો એક પત્ર જાળિયા-(અમરેલી)ના એક મહમદભાઈ ઈસ્માઇલે અમને લખ્યો છે. એટલું જ નહિ આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ અંગે રસ દાખવી તે વિષે વિગતે માહિતી પણ મંગાવી છે. (આ સાથે એ પત્રની ફોટો કોપી પણ મોકલી છે.)

ધર્મવચન પવિત્ર જ હોય છે. તે કોઈ પણ સંજોગોમાં અપવિત્ર થાય નહિ એવી અમારી માન્યતા છે...ભારતના સર્વ લોકો એકબીજાની ધાર્મિક માન્યતા સમજે તે માટે શ્લોક, આયત, બાઈબલનાં અવતરણો કે ગ્રંથસાહેબનાં વચનો છપાય તે સારું જ છે. પછી કેટલાક દવા બાંધેલો કાગળ ખાઈ જાય અને દવા ફેંકી દે એવો આ કિસ્સો છે. ધાર્મિક વચનો માથે મૂકી રાખવા કરતાં તેને દિલમાં ઉતારી તે પર પ્રામાણિક અમલ કરવો એ વધુ યોગ્ય નથી?

—સૈફુદ્દીન મુલ્લા જાફરભાઈ
મૅનેજિંગ ટ્રસ્ટી - ધ હ્યુમેનિટી ટ્રસ્ટ - મુંબઈ-૩

ગોધરાથી લખાયેલો ભાઈ અહેમદ ઇસ્માઈલ મદારીનો 'કુમાર' (ઑગસ્ટ, ૧૯૮૪)માં છપાયેલો પત્ર, ખાસ તો એના અંતિમ વાક્યના કારણે ગમ્યો નથી. પત્રના આરંભમાં દેખાતી નમ્રતા અને સમજશક્તિનો છેલ્લા વાક્યમાં છેદ ઊડી જાય છે અને જાણે ગર્ભિત ધમકી દેવાય છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'કુમાર' ઑગસ્ટ '૮૪ના અંકમાં ભાઈશ્રી અહેમદ ઈસ્માઈલ મદારી 'વાચકો લખે છે' વિભાગમાં પોતાનું મંતવ્ય જણાવે છે કે 'કુરૂઆન' શરીફની આયાત છપાયેલી હોય અને તે ગમે ત્યાં મુકાય એટલે ધર્મવચનનું અપમાન થાય છે.' ખરેખર તો આ રીતે છપાવવાથી કેટલાય વાચકોનાં હૃદય પવિત્ર કરવામાં અને કુરૂઆન જેવા પવિત્ર ધર્મગ્રંથનાં વચનો પ્રચારવાથી માનવસમાજની પવિત્રતા વધે છે. આ બાબતમાં તેઓશ્રી પુનર્વિચાર વ્યક્ત કરશે તો વાચકોનાં મન વધુ પ્રફુલ્લિત થશે. ધર્મ મુજબ જીવન નહીં જીવવામાં જ ધર્મવચનનો અનાદર છે. તેના પ્રચારમાં તો ધર્મવચનનું બહુમાન જ થાય છે.

(નેનપુર) —ચંદુભાઈ ર. પટેલ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૪)

છોડીને / ભગવતીકુમાર શર્મા

ગઝલ

હું શૂન્યતામાં સમાયો છું ભાવ છોડીને,
ફરું છું રેતના રણમાં તળાવ છોડીને.

શરીર જેવું ફક્ત માળખું ટકી રહેશે,
તજ્યું છે ઘર તો ગયો છું હું સાવ છોડીને.

અસંખ્ય મેઘધનુ દઈ રહ્યાં'તાં સાદ મને,
હું ક્યાંય જઈ ન શક્યો મુજ અભાવ છોડીને!

નગર તો પૂર્વની જેમ જ સતત ધબકવાનું,
રહું કે જાઉં હું મારો પડાવ છોડીને.

રહ્યા છે પથ્થરો, કંકુના સાથિયા ઝાંખા,
ઊડી ગયા છે કે પડઘાઓ વાવ છોડીને.

ઊંચાઈ માપ નહીં / રાજેશ વ્યાસ

ગઝલ

ફરતી કાંટાળી વાડ કરે,
સગપણ આવાં પણ લાડ કરે.

બાળક જેવું આ સૂનું મન,
સાંઠકડી રોપી ઝાડ કરે.

ક્યારેક નરી આ એકલતા,
ટોળાં જેવી રંજાડ કરે.

તું સુમન હું ભૂલી જઉં છું.
ઝરણાં વ્હેતાં તો પ્હાડ કરે.

મિસ્કીન ઊંચાઈ માપ નહીં,
શું બાવળ કે શું તાડ કરે.

તો ય શું / મનહર જાની

ગઝલ

હોયે તળેટી અથવા શિખર હોય તો ય શું?
હસ્તી હવાના દુર્ગ ઉપર હોય તો ય શું?

ખુલ્લા પડી જવાની ફિકર – ગુપ્તતાનો ડર
જાહેરસભા હોય કે ઘર હોય તો ય શું?

કોરો જ પત્ર હોય જ્યાં ભાષાની ભીતરે
સરનામું તમારું જ અગર હોય તો ય શું?

દુઃખના બધા પ્રસંગ વર્ણવી નહીં શકો
જખ્મોથી જિગર તર-બ-તર હોય તો ય શું?

'મનહર' મરણ પછી ક્યાં હતો ભેદ વર્ણનો?
ચંદનની ચેહ હોય કબર હોય તો ય શું?

મ્હેક છલકે શેષમાં / ચિનુ મોદી

ગઝલ

પુષ્પને કોમળ બનાવી ગૂંથવા છે કેશમાં,
એ પછી, હા, એ પછી આવો તમે આશ્લેષમાં.

આવનારા ઓસને વહેલી સવારે રોકીને
હું લઈ આવ્યો તમારા રંગ ભરચક દેશમાં.

આ બરફનાં છે શિખર ને ચાંદની આવી ગઈ,
આપ આવો તો હવે આવો પરીના વેશમાં.

સ્વપ્નની શય્યા ઉપર પાંપણ નમાવી રાખજે,
મેઘને વરસી જવું છે આવીને ઉન્મેષમાં.

મ્હેંક હરતી, મ્હેંક ફરતી, મ્હેંક તરતી જાય છે,
શ્વાસના તટ તોડતી આ મ્હેંક છલકે શેષમાં.

પ્રથમ વરસાદે / દિલીપ જોશી

ગઝલ

પ્રથમ વરસાદ ઝીલીને સમયસર સ્થળ લખી નાખું,
કે મારું ક્યાં કશું એંધાણ છે કાગળ લખી નાખું.

પવનનું ઓઢણું ઓઢી દિશાનો હાથ ઝાલીને,
અચાનક પાંગરેલી આપણી પણ પળ લખી નાખું.

પછી સૂરજને સ્પર્શે છે બધાની આંખનું જંગલ,
ને એની હાજરીથી થરથર્યું ઝાકળ લખી નાખું.

મને શંકા છે તારો ઉંબરો પણ સાવ કોરો છે,
પળેપળ ઝરમરે એવું જ કૈં વાદળ લખી નાખું.

સપાટી પરથી જોયેલી અજાણી આંખમાં ડૂબી,
સતત ઊંડા અતલ આ મન વિષે અટકળ લખી નાખું.

દીવાલો / શૈલેશ ટેવાણી

- ગઝલ -

યુગોથી મને સંઘરે છે દીવાલો
સહન સૌ ઋતુઓ કરે છે દીવાલો.

કલકલતું શૈશવ ધરી છાતીએ ને,
વફાદાર રહેશે મરણલગ દીવાલો.

અજંપો કે આંસુ કે શમણું ગુલાબી,
મને પૂરેપૂરો ગ્રસી લે દીવાલો.

દીવાલો જ મારા વિજયની નિશાની,
વફા કે જફાની કહાની દીવાલો.

ગયું જેને છે જે નથી પણ અહીં જે,
તે સઘળું ભરી રાખે મારી દીવાલો.

ઈબ્ન બતુતા

ચૌદમી સદીના એકેએક મુસ્લિમ દેશો સહિત પૂર્વમાં છેક ચીનના પાટનગર સુધી ઘૂમી વળીને માર્કોપોલો કરતાં પણ વધુ પ્રવાસો ખેડનાર આરબ પ્રવાસી

સંસ્કૃતિ અને જ્ઞાન-વિજ્ઞાનના વિકાસ-કથામાં એક સમયના વિશાળ આરબ સામ્રાજ્યોની ઘણી મોટી દેણગી રહી છે. એક જ જાતિ, એક જ ભાષા તથા એક જ ઈસ્લામ ધર્મના કારણે, અને તલવારની તાકાતે આ મુસ્લિમોએ વ્યાપકપણે ફેલાતા જઈ સંકોડાતાં જતાં મીસર, રોમ, બાયઝેન્ટિયમ અને ઈરાન સુધી પ્રસરી જઇને અંતે છેક ઍટલાંટિકની કંઠારથી રાતા સમુદ્રના કાંઠા સુધીના ઉત્તર આફ્રિકાના પ્રદેશો, સમગ્ર સ્પેઈન અને દક્ષિણ ફ્રાંસનો કેટલોક ભાગ, ભૂમધ્ય સમુદ્રના ટાપુઓ, એશિયાની અંદરના કેટલાક વિસ્તાર તથા ચીનની પશ્ચિમ સરહદ અને સિંધુ નદીના કેટલાક પટપ્રદેશ પર એમનું વર્ચસ્વ વધાર્યું હતું. કાળાંતરે જુદાજુદા આરબ વંશોનાં શાસન રૂપે તેઓ વિભાજિત પણ બન્યા, છતાં એમનો ધર્મ – મુસ્લિમ ધર્મ તો સમાન જ રહ્યો, જે આજ સુધી એ સમગ્ર પ્રદેશોની પ્રજાને સાંકળી રાખનાર એક મુખ્ય કડી રૂપ રહ્યો છે.

એમના એ વ્યાપક ફેલાવાથી એમનામાં જ્ઞાનનો પણ એવો જ વિસ્તૃત વિકાસ શક્ય બન્યો. સ્પેઈન, ઉત્તર આફ્રિકા અને મધ્ય એશિયામાં જ્ઞાનનાં મોટાં કેન્દ્રો ઊભાં થયાં અને ત્યાં એ સમયની જાણીતી દુનિયાના ઘણાખરા ભાગમાંથી વિવિધ વિષયના પંડિત-વિદ્વાનો જ્ઞાન મેળવવા તેમજ આપવા આવતા થયા. પરિણામે પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિ અને ઔષધશાસ્ત્ર, ભૂસ્તર અને રસાયણશાસ્ત્ર વગેરે વિવિધ વિજ્ઞાનનો તેમનામાં ઘણો વિકાસ થયો. ગણિત, ખગોળ અને ભૂગોળના જ્ઞાનમાં તો તેઓ ગ્રીક કરતાં યે આગળ હતા. મક્કા ભણી મોં રાખીને નમાજ પઢવાના એમના રિવાજને કારણે વિવિધ પ્રદેશોના અક્ષાંશ-રેખાંશની બહુ ચોક્કસ ગણતરીઓ એમણે કરેલી. જ્યોતિષના માટે પણ એ જરૂરી હતું. ખગોળના જ્ઞાનનો આરબ નાવિકોને પણ ઘણો લાભ થયો. જહાજ઼ત અને વહાણની બાંધણીમાં પણ તેઓ ઘણું નવું શીખ્યા. આમે યે તેઓ કંઠારી વહાણવટીઓ તો હતા જ, તેમાં ભરતી-ઓટ, સમુદ્રના પ્રવાહો, વરસાદની ઋતુ, સાગરખેડ માટે અનુકૂળ સમય વગેરેની સમજ વધતાં તથા જિબ્રાલ્ટર-થી હિંદુસ્તાન સુધી વ્યાપક વર્ચસ્વ મળતાં હિંદી મહાસાગરના લાંબા જળમાર્ગોના ખેલંદા બનતાં એમને વાર લાગી નહિ. પરિણામે એમના વેપારનો ને તેને લીધે સમૃદ્ધિનો તથા સીધી ને આડકતરી રીતે નવાંનવાં જ્ઞાનનો વિકાસ વેગવંતો બન્યો. છેક ઈ. સ. ૭૬૩ના અરસામાં વસેલું અને હારુન–અલ–રશિદના સમયમાં મુસ્લિમ અરબ સામ્રાજ્યનું પાટનગર બનેલું બગદાદ, એક સમૃદ્ધ નગર હોવા ઉપરાંત મોટું વિદ્યાધામ પણ બન્યું હતું. ત્યાંની ખિલાફતમાં અરબ પ્રવાસીઓ જે સફરો ખેડે તેના વિગતવાર અહેવાલો પેશ કરવાની રસમ હતી. આથી ઓગણીસમી સદીના મધ્યકાળમાં તો ત્યાં ભૌગોલિક માહિતીઓ અને પ્રવાસવર્ણનોનું એક મોટું ગ્રંથાલય ઊભું થયું હતું. અલબત્ત, યુરોપ સાથેનો એમનો સીધો સંપર્ક પ્રમાણમાં વિશેષ નહોતો, પણ પૂર્વની દુનિયાના મધ્યકાલીન ઇતિહાસ અને ભૂગોળ તથા ત્યાંની વિવિધ પ્રજા તથા તેમના રસમોરિવાજ વગેરેના વિવિધ સંદર્ભોમાં આરબ પ્રવાસીઓના અનેક ઉલ્લેખો આજે પણ ટાંકવામાં આવે છે.

આ રીતે આરબ ભૂગોળવેત્તાઓમાં સુલેમાન (ઈ. ૮૫૦ લગભગ) અને અલ મસૂદી (ઈ. ૯૨૦ આશરે)નાં નામો જાણીતાં છે. અન્ય અનેક બાબતો સાથે એમણે ચીન વિષે પણ ઘણી નોંધો આપી હતી, જેમાં ચા બનાવવાની રીતનો પણ સમાવેશ હતો.

અલ મસૂદીએ પશ્ચિમે સ્પેઈનથી માંડી પૂર્વમાં તુર્કસ્તાન સુધીના પોતાના પ્રવાસોની નોંધો આપી છે. ઝાંઝિબાર, સિંધ અને ચીન વિષે પણ તેણે ઉલ્લેખો કર્યા છે. પરંતુ એના પછી સ્પેઈનમાં જન્મેલા આરબ પ્રવાસી ઇદ્રિસીએ પોતાની પહેલાંના આરબ ભૂગોળવેત્તાઓ કરતાં યુરોપવાસીઓ પર વિશેષ પ્રભાવ પાડ્યો છે. એ તો ફ્રાંસ અને ઇંગ્લૅન્ડ પણ ગએલો. પછી એશિયા માઇનોર પણ જઈ આવી ભૂમધ્ય સાગર તરફ પાછો વળી સિસિલીમાં એ સ્થિર થએલો. ઈ. ૧૧૫૦ના અરસામાં એણે એક ભૌગોલિક ગ્રંથ લખ્યો તે સાથે ચાંદીની તકતી ઉપર પોતાને જ્ઞાત એટલી દુનિયાનો એક નકશો પણ કોતરીને બનાવેલો. આ નકશામાં એણે નાઈલ નદીને દૂર દક્ષિણેથી ત્રણ સરોવરોમાંથી પાણી મેળવતી, અને એ જ સરોવરોમાંથી નીકળી પશ્ચિમે ઍટલાંટિક તરફ વહેતી એક મોટી નદી પણ બતાવી છે. કદાચ નાઈજર અને સેનેગાલને એણે ભેળી કલ્પી લીધી હશે.

પરંતુ આ સૌમાં મોટો મુસ્લિમ અરબ શોધસફરી તો હતો ઈબ્ન બતુતા. પશ્ચિમી સંસ્કાર પામેલો ટેન્જીઅરનો એ અરબ હતો. માર્કો પોલો કરતાં યે એણે વધુ દુનિયા ખૂંદી હતી નાની વયે જ એ વતનથી બહાર નીકળી પડેલો, અને ૧૩૨૫થી આરંભી એણે લગભગ ત્રીસેક વર્ષ સુધી નાનીમોટી સફરો કરેલી. એ બધી સફરો પછી એ બેધડક કહી શકે તેમ હતો કે એણે ઇસ્લામિક સામ્રાજ્યના એકેએક દેશો જોયા હતા, એટલું જ નહિ, બિનઇસ્લામ દેશોમાં પણ એ ઘણું ઘૂમ્યો હતો.


ઉત્તર આફ્રિકાના ભૂમિમાર્ગે ઍલેક્ઝાંડ્રિયા (ઇસ્કંદરિયા) અને કાઇરો થઇને મક્કા જવાની નેમ હતી. ત્યાંથી જેદ્દા જવા રાતો સમુદ્ર પાર કરીને જવાનો તેનો ખયાલ હતો, પણ એ માટે વહાણ મળ્યું નહિ, એટલે પાછા ઉત્તર તરફ વળી દમાસ્કસ થઇને ભૂમિમાર્ગે જ સફર કરવા વિચાર્યું. ઠીકઠીક સમય લાગે એવા એ માર્ગે જવામાં એણે અરેબિયાનો ઘણો મોટો ભાગ વીંધવો પડેલો, અને એ રીતે એ સમગ્ર પ્રદેશનો એણે બહુ સારો એવો પરિચય મેળવ્યો હતો. મક્કામાં એ વિદ્યાર્થી તરીકે ત્રણ વર્ષ સુધી રહ્યો, પણ પગે ભમરો, એટલે એક જ સ્થળે ચેન ન પડતાં એ પાછો નીકળી પડ્યો. એ કાળના જાણીતા યાત્રા માર્ગે એણે મદીના અને ત્યાંથી પછી બગદાદ જવા વિચાર્યું હતું. બગદાદમાં રોકાઇને એણે ઇરાનમાં આસપાસના પ્રદેશોમાં નાનીનાની ઘણી સફરો કરી, અને પછી દક્ષિણે એ યમન તરફનો વિસ્તાર જોવા ઊપડ્યો. એ પછી એડનથી વહાણે ચડી એ આફ્રિકાની પૂર્વ કંઠારે છેક મોમ્બાસા સુધી પણ જઈ આવ્યો, ત્યાંથી પાછા વળતાં ઈરાનના અખાત બાજુ થઈ અરેબિયાને કાંઠે ઊતરી અરબસ્તાનના અંદરના ભાગોમાં ઘૂમતો એ પોતાના વતન તરફ જવા નીકળ્યો.

અલબત્ત, એ કોઈ એવો તવંગર નહોતો કે કેવળ મોજ ખાતર આવી લાંબીલાંબી, અને એ કાળે તો અનેક મુસીબતોભરી સફરોમાં ભમ્યા કરે. પણ એને દુનિયા – ખાસ કરીને મુસ્લિમ જગત જોવામાં રસ હતો. જ્યાં ક્યાંય પણ નવું જોવા મળે ત્યાં એ પહોંચી જતો. ક્યારેક પગે ચાલતો, ક્યારેક વણજારો સાથે, ક્યારેક ઊંટ કે ઘોડે-

સવારી કરતો, યા ક્યારેક વહાણમાં, એમ જ્યારે જ્યાં જે રીતે પોતાને સરળ પડે તે રીતે એ ભમતો. પોતે જોએલા અવનવા પ્રદેશો ને પોતાનાં સફર-સાહસોની અજબ વાતોનો એની પાસેનો ખજાનો તો સમૃદ્ધ થતો જ જતો હતો. એનાથી ક્યારેક કોઈક રઈસોના દિલ બહેલાવીને, ક્યારેક કોઈને ત્યાં કંઈ કામ મેળવીને, ક્યારેક કોઇના વતી નાનીમોટી ખેપ કરીને અને ક્યારેક પૈસા હોય ત્યારે વેપાર કરતોકરતો એ ઘૂમતો. એડનથી એ આફ્રિકા બાજુ ગયો ત્યારે એ એક પૈસાપાત્ર વેપારી બની ચૂક્યો હતો. પણ એ બધું ધન પોતાની જરૂરિયાતોમાં જ વપરાતું, અને ઘૂમવું ફરવું એ એની સૌથી મોટી જરૂરિયાત હતી. મુશ્કેલીઓથી એ હિંમત હારે તેમ નહોતો. લૂંટાઈ જાય તો તેની તેને પરવા નહોતી અને માનઅકરામ મળે તો એનો લાભ લેવાનું યે એ ચૂકતો નહોતો. પોતાની પ્રવાસનોંધોમાં એણે નવાનવા પ્રદેશોનાં જે વિગતસભર વર્ણનો કર્યાં છે તથા અવનવા લોકોની લાક્ષણિકતાઓને એણે જે ઝીણવટથી નોંધી છે એ એની ચકોર નિરીક્ષણ-શક્તિની દ્યોતક છે.

પોતાનાં લખાણોમાં એણે બિલકુલ નિખાલસતાથી પોતાની ક્ષતિઓ પણ નોંધી જ છે. આટલા બધા મુલકોમાં ઘૂમતાં એણે અનેક વાર લગ્નો પણ કરેલાં, અનેક વાર ગૃહત્યાગ કરી એ ચાલી નીકળેલો, પોતાની લાલસાઓ પણ એણે છુપાવી નથી. અનેક વાર એણે છીના પૈસા લઇને પોતાનું કામ પતાવ્યું હતું, તેમ કેટલાયની રકમ એણે ઓળવી પણ હતી. પોતાનું કામ સિદ્ધ થતું હોય તો જેને ત્યાં એ નોકરીએ રહ્યો હોય તેને યે છેતરતાં એ અચકાતો નહિ, તેમજ ક્યારેક પોતાના માલિકના હિતની વિરુદ્ધ વર્તતાં પણ એને દુ:ખ થતું નહિ. આ બધું પણ એણે પોતાના લખાણોમાં બેધડક નોંધ્યું છે. બીજી બાજુ એ હિંમતબાજ પણ હતો, અને ચુસ્ત ધાર્મિક પણ. વતનમાં પાછા ફર્યા બાદ એ જરા ઠરીઠામ થયો ત્યારે તેણે બહુધા સ્મરણના આધારે પોતાનાં પ્રવાસવર્ણનો લખ્યાં છે. સ્વાભાવિક છે કે એથી ક્યારેક ક્યાંક એ ભૂલથાપ પણ ખાઈ ગયો છે, પણ એકંદર એનાં પ્રવાસવર્ણનો અનેક રીતે આધારભૂત અને ચોક્કસ છે. એટલું જ નહિ, એણે જે કંઈ નોંધ્યું છે એ બધું જ એણે જાતે જોયા-જાણ્યા પછી જ લખેલું છે. અને આ રીતે એ સમયના મુસ્લિમ જગત વિષે ઘણીઘણી માહિતી મળે છે, અને એથી એનું વિવિધ રીતે દસ્તાવેજી મૂલ્ય છે.

થોડો સમય વતનમાં રહી ફરી એ સફરે ઊપડ્યો. ગર્દિશી જ જાણે એની જિંદગીનો અવ્વલ મકસદ હતી. કોઇ પણ એક સ્થળે એ લાંબો સમય રહી શકતો જ નહિ. આનાતોલિયા અને એશિયા માઇનોરનાં બીજાં નગરો જોઇ, કાળો સમુદ્ર પાર કરી સમરકંદ-બુખારા સુધી ઘૂમ્યો, અને પછી હિંદુકુશના માર્ગે એ હિંદુસ્તાન તરફ જવા નીકળ્યો.



લગભગ વીસેક વર્ષની વયથી આરંભીને ૭૭ વર્ષના આયુ દરમિયાન ત્રીસેક વર્ષ સુધી ઈબ્ન બતુતાએ એટલાંટિકની પૂર્વ કંઠારથી પૅસિફિકની પશ્ચિમ કંઠાર વચ્ચેના બધા જ ઈસ્લામિક દેશો સહિત જે જે ભૂમિ પર પ્રવાસો કરેલા તેનો ખયાલ આ નકશામાં આપ્યો છે.

આ હિંદુકુશ એ હિમાલયની પશ્ચિમે મુખ્યત્વે અફઘાનિસ્તાનમાં ફેલાએલી ૩૫૦ માઇલ (૫૬૩-૫ કિ.મી.) લાંબી અને ૨૦૦ મા. (૩૨૨ કિ.મી.) પહોળી વિશાળ પર્વતમાળા છે. એનાં અનેક શિખરો ૨૦ થી ૨૫ હજાર ફૂટથી યે વધુ ઊંચાં છે, જેમાંનું તિરક મીર શિખર સૌથી વધુ-૨૫,૪૦૦ ફૂટ ઊંચું છે. મધ્ય એશિયા તરફથી ભૂમિમાર્ગે હિંદુસ્તાન પર થએલાં ઘણાં આક્રમણો આ માર્ગે થએલાં. બતુતા એ માર્ગે સિંધુતટના પ્રદેશમાં ઊતરી આવેલો. અહીં સર્વત્ર એક મુસ્લિમ વિદ્વાન પ્રવાસી તરીકે એનો સારો આદર-સત્કાર થયો હતો. અત્યાર સુધી જોએલા મુસ્લિમ મુલકો કરતાં એને આ દેશમાં ઘણું નવું નવું જોવા-જાણવા મળેલું અને પોતાની પ્રવાસકથામાં એણે એનું વિગતે વર્ણન આપ્યું છે. આમ, ઘૂમતોઘૂમતો એ દિલ્હી પહોંચ્યો. અહીં સુલતાને એને પોતાના દરબારમાં સ્થાન આપ્યું. સાત વર્ષ સુધી બતુતા અહીં



▷ મક્કા જઈ રહેલા અરબ યાત્રીઓનું આ ચિત્ર તેરમી સદીના એક હસ્તલિખિત ગ્રંથમાં આલેખાએલું છે. ઈબ્ન બતુતાએ પણ આવી જ રીતે, અને ક્યારેક તો આવાં વાહનો વિના પણ મધ્ય એશિયા ને ઉત્તર આફ્રિકાના મુસ્લિમ દેશોમાં પ્રવાસો ખેડ્યા હશે.

સૂઝ.....................................હિમા યાજ્ઞિક

આપણા શૉખ પણ અવનવા હોય છે. ઘણાંને પક્ષી-પ્રાણી પાળવાનો શૉખ હોય છે. મારા પિતાજીને પણ એવો શૉખ. પક્ષી-પ્રાણીઓ પ્રત્યે એમને ભારે મમત્વ. બચપણમાં એમણે એક આફ્રિકન કાકાકૌવા પાળેલો. પ્રેમને કારણે તેનું લાડથી લાલનપાલન થતું.

પશુ-પક્ષીમાં સમયની કંઈ અજબ સમજ હોય છે. ભૂતકાળમાં કદાચ આપણામાં પણ એવી સૂઝ હશે, પણ ઘડિયાળની સગવડતા થયા પછી એ મૂરઝાઈ ગઈ છે. એ તો જે હોય તે, પણ પશુપક્ષીઓ પાસેથી બીજું કંઈ ન શીખીએ, અને માત્ર સમયની નિયમિતતા શીખીએ તો યે ઘણું.

એ કાકાકૌઆ જ્યારે ઘરમાં હતો ત્યારે પિતાજીની વય પંદર-સોળ વર્ષની હશે. સ્વાભાવિક જ અનિયમિતતાનો સ્વભાવ અને અભ્યાસ પ્રત્યે બેકાળજી તથા રમતિયાળ વલણ. એટલે વડીલો સમજાવે તો યે કંઈ સમજે નહિ, અને સમજે તો યે સુધરવાનો કંઈ પ્રયાસ નહિ.

પણ જે કામ બળથી ન થાય તે કળથી કરાવી લેવાની ફાવટ ઘણાં વડીલો અનુભવે શીખી લેતાં હોય છે. દાદાજીમાં એ આવડત ઘણી સારી. એમણે યુક્તિ કરી. સવારે પાંચ વાગ્યે એ જાગી જાય. ઊઠીને પેલા કાકાકૌઆને શીખવે : 'જયસુખ ઊઠ, વાંચવા બેસ' બસ. આફ્રિકાના એ પક્ષીને આ શીખતાં શી વાર! એ તો બરાબર બોલતાં શીખી ગયો.

અને પછી તો રાતે પૌત્ર જેવો સૂઈ જાય કે દાદાજી કાકાકૌઆનું પાંજરું તેના પલંગ પાસે મૂકી દે. સવારના પાંચ વાગે ને પેલા કાકાકૌઆભાઈની વાણી અવિરત વહેતી થાય : 'જયસુખ ઊઠ, વાંચવા બેસ.' પછી ભલેને જયસુખ ઊઠીને વાંચવા બેસી ગયો હોય, પણ આનું ગાણું તો ચાલતું જ રહે.

પિતાજી બીજા કોઈનું કહ્યું માને કે ન માને, પણ પોતાના પાળેલા કાકાકૌઆનું તો માને જ. બિચારો કેવો નિયમિત જગાડે છે! મારું કેટલું બધું ધ્યાન રાખે છે! એવાએવા ભાવ એમના હૃદયમાં ઊભરાતા હશે. ધીરેધીરે એમને વહેલા ઊઠવાની અને નિયમિત અભ્યાસ કરવાની ટેવ પડી ગઈ.

નાનકડી વાત છે. પણ મઝાની કેડી છે. જડ નિયમોને વળગીને માણસ જે જટિલતા લાવે છે તેના બદલે જો કળથી કામ લેતો થઈ જાય તો કેટલી બધી સરળતા થઈ જાય! સૂઝભર્યો સહજ માર્ગ અપનાવીએ તો પહાડ જેવા પ્રશ્નો પણ વામણા બની જ જાય. □

રહ્યો. એ પછી સુલતાને એને પોતાના એલચી તરીકે ચીન મોકલ્યો. ત્યાંના રાજવીને ભેટ આપવા અનેક કિંમતી સોગાદો, બાંદીઓ અને માર્ગમાં રક્ષણ માટે તથા કામકાજ સારુ બીજા પણ અનેક માણસો સાથેનો મોટો રસાલો લઇ બતુતા દિલ્હીથી સાગર-કંઠાર તરફ જવા નીકળ્યો, જ્યાંથી વહાણમાં હિંદુસ્તાનની પશ્ચિમ કંઠારના પ્રદેશો જોતાંજોતાં ચીન પહોંચવાનો તેનો ઇરાદો હતો. પરંતુ રસ્તામાં જ લૂંટારાઓનો ભેટો થઇ જતાં પોતાની સાથેની ઘણી ચીજો એને ગુમાવવી પડી. છતાં ગમેતેમ એ પોતાના રસાલા સાથે દરિયાકાંઠે તો પહોંચી શક્યો. અહીંથી એ મલબાર થઇને કાલિકટ આવ્યો. ચીન જવા માટે અનુકૂળ હવામાનની રાહ જોવા એને અહીં રોકાઇ રહેવું પડેલું. પણ ધુમક્કડ તાસિરનો બતુતા કદાચ આ તકનો લાભ લઇને માલદીવ ટાપુઓની સફર કરી આવ્યો હતો. જો કે એની પ્રવાસકથા પ્રમાણે આ ટાપુઓની એણે અવારનવાર સફરો કરી હતી. પછી જ્યારે એ ચીન જવા ઉપડ્યો ત્યારે યે એની મુશ્કેલીઓનો અંત આવ્યો નહોતો. માર્ગમાં જ એનું વહાણ ભાંગ્યું. બચીને એ કાંઠે તો પહોંચ્યો. પણ સાથેનો રસાલો, એની અંગત ચીજો વગેરે બધું એનાથી છૂટું પડી ગયું હતું. છતાં યે રખડતો-ભમતો એ ચીન તો પહોંચ્યો જ. અને જ્યારે પેકિંગમાં પ્રવેશ્યો ત્યારે સમ્રાટ રાજધાનીમાં નહોતો.

માલદીવ ટાપુઓ સાથે જાણે એને સારી લેણાદેણી હશે. એવી એક સફરમાં ત્યાંની રાણીએ એને આવકારીને પોતાને ત્યાં કામ પણ આપ્યું હતું, અને જે થોડો વખત એ ત્યાં સ્થિર થઈ રહ્યો તેમાં તેણે ત્યાં ઘર પણ માંડેલું. એમ તો એ માલદીવમાં એકાધિક વાર પરણ્યો હતો. પણ કોઈ એક સ્થળે ઠરીઠામ થઈ રહેવાની તો તેની વૃત્તિ જ નહોતી. માલદીવથી એ સીલોન-શ્રીલંકા જોવા ઊપડ્યો. ત્યાં સારી પેઠે ઘૂમીને પછી કોરોમંડલને કાંઠેકાંઠે વહાણમાં નીકળ્યો. એ વહાણને પણ અકસ્માત નડ્યો, પણ એ ફરી પાછો બચી ગયો અને રખડતો-કૂટાતો કાલિકટ પહોંચ્યો ત્યારે પૈસેટકે અને બીજી રીતે પણ બેહાલ બની ચૂક્યો હતો. પરંતુ એથી કંઈ બતુતા ગભરાય તેમ તો હતો જ નહિ. કંઈ ને કંઈ રસ્તો કાઢી એ પાછો માલદીવ પહોંચી ગયો, અને ત્યાંથી પછી બંગાળ જવા નીકળ્યો. ચિતાગૉંગ ઊતરી એ આસામમાં ઘૂમી બંગાળમાં આવ્યો અને ત્યાંથી જાવા-સુમાત્રા તરફ ગયો. ચાળીસ દિવસે એ મલયભૂમિ પાસે થઇને ચીનના કોઈ બંદરે પહોંચ્યો, ઘૂમ્યો, અને પછી વતનમાં ફેઝ જવા એણે પયાણ કર્યું, જ્યાં પહોંચ્યા પછી એણે એશિયા અને આફ્રિકાના પોતાના પ્રવાસવર્ણનનો પોતાનો મહાન ગ્રંથ લખ્યો.

પોતાના પ્રવાસગ્રંથમાં બતુતાએ ઇદ્રિસીની એટલાંટિકની એક સફરનો પણ ઉલ્લેખ કર્યો છે. એ કાળે એટલાંટિક અજાણ્યો હોઇ 'અંધકારના મહાસાગર' તરીકે ઓળખાતો હતો. ઇદ્રિસીનું વહાણ યુરોપથી અતિ દૂર એ મહાસાગરમાં અકસ્માત કોઈ એક ટાપુ પર પહોંચેલું, જ્યાં તેમણે 'સીધા સુંવાળા વાળવાળા અને રાતી ચામડીવાળા લોકો' જોએલા. મનાય છે કે કદાચ એ મૅડેરિયા અથવા એઝોર્સનો ટાપુ હશે. જો કે આગળ જતાં રીતસર એ ટાપુઓ શોધાયા ત્યારે ત્યાં કોઈ માનવવસ્તી હતી નહિ. છતાં જો ઇદ્રિસીની વાત ખરી હોય તો યુરોપની પશ્ચિમે એ મહાસાગરમાં આરબોએ કરેલી એ પ્રથમ શોધસફર ગણાય.

બતુતા સ્પેઈનમાં પણ જઈ આવેલો. ત્યાં ઈસાઇ હુમલાખોરો સાથે અથડામણમાં પણ આવેલો. સ્પેઈનમાં એ કાળે મૂર શાસન હતું. ત્યાર પછી એ સહરાના રણમાં થઈને નાઇજર પહોંચ્યો. ત્યાં ઘૂમીને એણે ટિમ્બકટુ અને ગાઓ પણ જોયાં અને પૂર્વ તરફ ભયંકર રણ ઓળંગી એ સુદાન સુધી પહોંચેલો. આ એનું છેલ્લું અને કદાચ સૌની વધુ હિંમતભર્યું સાહસ હતું. અહીંથી પાછા આવતાં મોરોક્કોના સુલતાને તેને બહુ માનથી આવકાર્યો હતો. આ પછી એ ફેઝમાં જ રહેલો. એના જન્મની ચોક્કસ સાલ તો જ્ઞાત નથી, પણ મનાય છે તે પ્રમાણે જો એ ૧૩૭૭માં તોંતેર વર્ષની વયે અવસાન પામ્યો હોય તો તેનો જન્મ ૧૩૦૪ના અરસામાં થયો હશે. ૧૩૨૪ના અરસામાં એણે પોતાની સફરો આરંભેલી અને લગભગ ત્રણ દાયકા સુધીમાં એ કાળના બધા જ ઈસ્લામી દેશો અને બીજા અનેક ઈતરધર્મી દેશો એ જોઇ વળેલો. આ રીતે અંદાજે એણે સહેજે કુલ ૭૫૦૦૦ માઈલ લાંબા પ્રવાસો કર્યા હતા. પોતે જોએલાં એ બધા દેશો અને સ્થળો સાથે ત્યાંના લોકોનું નિખાલસતાથી અને અતિશયોક્તિ વિનાં બહુ ચોક્કસ તથા વિગતે તેણે વર્ણન કર્યું છે. એનાં એ પ્રવાસવર્ણનોમાંથી એ સમયના મુસ્લિમ દેશો વિષે બહુ અચ્છો ખયાલ મળે છે. એણે જે કંઇ લખ્યું છે એ જાતે જોયું-જાણેલું છે. એ કેવળ પ્રવાસવર્ણન જ ન બની રહેતાં તે સમયના ઇતિહાસ, ત્યારના ભૌગોલિક જ્ઞાન અને વિવિધ પ્રજા વગેરે વિષે ઘણી મહત્વની માહિતી આપે છે. એ રીતે એની દેણગીનું આગવું અને ઘણું મોટું મહત્ત્વ છે. આજે પણ ભૂગોળ અને ઇતિહાસ સહિત, પૂર્વની મધ્યકાલીન દુનિયા વિષેના અનેક ગ્રંથોમાં બતુતાની નોંધોના સંદર્ભ ટાંકવામાં આવે છે. — બિ.

ન જીવેલી જિંદગી

સરલા જગમોહન

લોટી વર્ષોથી બેસને ઘડપણ માટે કંઈક બચાવવાનું કહેતી આવી હતી, અને વર્ષોથી બેસે જાણે આવતી કાલ હોય જ નહિ એમ વર્તમાનમાં જ જીવ્યે રાખ્યું હતું. હવે તો બંને બહેનો સાઠી વટાવી ચૂકી હતી. બધું આટોપી દેવાનો સમય આવી ગયો હતો.

લોટી પાસે બૅન્કમાં ખાસ્સી રકમ જમા હતી. બેસ પાસે પોતે પહેરેલાં કપડાં ઉપરાંત બાકીનું બધું તૂટવા આવેલી એક પેટીમાં સમાઈ જતું હતું.

લોટી પોતાના બાળપણને ધિક્કારતી હતી. માબાપની વઢ સાંભળવી પડતી હતી. લૂખુંસૂકું ખાવું પડતું હતું. બેસને એવો કોઈ વિચાર જ આવતો નહિ; એને તો બહાર જઈને રમવાનું મળે પછી કંઈ જોઈતું નહિ. ઉછીની સાઈકલ લઈને એ સાઈકલ ચલાવતાં શીખી હતી. સ્કેટિંગ પણ એમ જ શીખી હતી. લોટીને મોટા થઈને સરસ સરસ વસ્તુઓ ખરીદવાની અધીરાઈ હતી.

લોટીએ નાની વયે જ કામ કરવા માંડ્યું. કોઈનાં છોકરાં સંભાળે તો કોઈ ઘરડાંને જોઈતું કરતું લાવી આપે. બદલામાં એને કંઈક મળી જતું.

પોતાની કમાણીના એ પૈસાને લોટી હાથ લગાડતી નહિ — જો કે બાળપણમાં આઈસક્રીમ અને ટૉફીની લાલચ તો એને યે થતી. પણ બેસની સાથે વહેંચી ખાવાનું એનાથી સહન થતું નહિ, અને બેસની પાસે તો વહેંચી ખાવા જેવું કંઈ હતું જ નહિ. લોટીની પાસે જેમ-જેમ પૈસા જમા થતા ગયા તેમતેમ એવી વસ્તુઓ માટેની એની ઇચ્છા પણ ઓસરતી ગઈ.

લોટી બાર વર્ષની થઈ ત્યાં સુધીમાં તો એણે એક સ્ટોરમાં કામ કરવા માંડ્યું હતું. શનિવારે એ વધારે કલાક કામ કરતી. એણે કપડાં માટે પૈસા બચાવવાનું નક્કી કર્યું. હાઈસ્કૂલમાં જશે ત્યારે એના જેવાં કપડાં બીજા કોઈની પાસે નહિ હોય!

આગળ જતાં શિક્ષકોએ એને કૉલેજમાં જવાનો આગ્રહ કર્યો. એના ઘરમાંથી કોઈ કૉલેજમાં ગયું નહોતું, અને બેસ તો કૉલેજમાં જઈ શકે એમ જ નહોતું. પોતે ધારે તો કૉલેજમાં જઈ શકે. લોટીએ એ માટે પૈસા બૅન્કમાં મૂકવા માંડ્યા.

પણ હાઈસ્કૂલના છેલ્લા વર્ષમાં લોટીએ નોકરી અને નિશાળ વચ્ચે પસંદગી કરવી પડે એવી સ્થિતિ આવી. એનો નિર્ણય સ્પષ્ટ હતો: હાથ પર નોકરી હતી એ ભવિષ્યમાં કંઈ પણ મળે એ કરતાં વધારે સારું હતું.

બેસને નિશાળમાં એક મિત્ર હતો — હેરી. નિશાળમાં ભણી રહી કે તુરત બેસ એને પરણી ગઈ. એમાં કંઈ નવાઈ નહોતી. લોટી ન પરણી એની યે નવાઈ નહોતી. બે-ત્રણ વાર એણે પરણવાનો અર્ધોપર્ધો વિચાર કર્યો, પણ વેતન ન મળે એવા ઘરસંસાર ખાતર સારા પગારની નોકરી છોડવાનું જોખમ લેવું એને પાલવે તેમ નહોતું.

બેસના લગ્નજીવનમાં લોટીએ ઈર્ષ્યા કરવા જેવું કંઈ નહોતું. બેસ અને હેરી જિપ્સીની જેમ રહેતાં હતાં. હમેશાં ચીંથરેહાલ અને પૈસા તો પાસે હોય જ નહિ!

પોતાને બાળક નહોતું એનો બેસને અફસોસ હતો — જોકે એ જ સારું હતું એ સમજવા જેટલી બેસને અક્કલ નહોતી તેથી જ તો. અને ભાણેજની દયા ખાવાની નહોતી એ લોટીને માટે તો સારું જ હતું. બેસને બાળકો હોત તો એણે એ બધાંને લોટીની સંભાળમાં મૂકી દીધાં હોત એ જ વધારેમાં વધારે સંભવ હતો.

અને લોટી એ સ્થિતિમાં હતી. એનું કારણ એ કે એના માલિકે નવું મકાન ખરીદ્યું હતું. અને જૂનું મકાન એટલી મામૂલી કિંમતે એણે લોટીને આપ્યું હતું કે એ ન લેવું તે પૈસા ગુમાવવા બરાબર જ હતું.

ન વપરાતા બધા રૂમ લોટીએ બંધ રાખ્યા અને એમાં કંઈ ભાંગે તૂટે તેની દરકાર કરી નહિ. એ હમેશાં બહાર જમતી, અને ચાના કપની આશા રાખે એવાં મહેમાનોને એ પોતાને ત્યાં આવવાનું ઉત્તેજન આપતી નહિ.

લોટી કંજૂસ હતી, પણ પોતે એવું માનતી નહોતી. એનો તો એવો ખયાલ હતો કે ઘડપણમાં મનની શાંતિની જરૂર હોય ત્યારે નિરાંતે જીવી શકાય એટલા સારુ એ કરકસર કરતી હતી.

ચાલીસ પછી તો વર્ષો ઝડપથી વીતવા લાગ્યાં. એકાએક લોટી સાઠ વર્ષની થઈ ગઈ અને એના માલિકના દીકરાએ એને નિવૃત્ત કરી દીધી.

લોટીએ બીજું કામ શોધવાનો થોડો પ્રયત્ન તો કર્યો, પણ એના દીદાર એવા હતા કે એ ઘરડી અને કામ કરી ન શકે એવી દેખાતી હતી. જિન્દગીમાં પહેલી વાર ક્યાંક જઈ શકાય, પોતાના સમયનો કંઈક ઉપયોગ કરી શકાય એટલા ખાતર લોટી વગર પૈસે પણ કામ કરવા તૈયાર હતી.

એટલામાં હેરી પરદેશમાં મરી ગયો. બેસ એટલું રડી જાણે એને માટે એ મોટો ખજાનો મૂકી ગયો હોય. એ કંઈ મૂકી ગયો નહોતો. બેસ પાસે ઘેર પાછા ફરવાના પણ પૈસા નહોતા.

લોટી જાણતી હતી કે લોહીના સંબંધે એણે બેસને બોલાવવી પડશે. એટલું જ નહિ, પણ એને પોતાના ઘરમાં પણ રાખવી પડશે. કેટલું બધું જતું કરીને એણે મિલકત જમા કરી હતી! હવે બેસને એનો લાભ મળે એમાં ન્યાય તો નહોતો જ.

ખૂબ મહેનત અને પૈસા ખર્ચીને બેડરૂમ તૈયાર કરતાં લોટીને અડવાડિયું લાગ્યું, અને ત્યારે બેડરૂમ એવો નવો લાગ્યો કે લોટીને થયું કે બેસના કરતાં પોતે એને વધારે લાયક હતી.

તો પોતાનો રૂમ બેસને આપી દેવો? પણ ગાદલામાં એવા ગાંઠા થઈ ગયા હતા અને જાજમ એવી ઘસાઈ ગઈ હતી કે એ રૂમ બેસને આપવાનું એને ગમ્યું નહિ. લોટીને થયું કે પોતાનો રૂમ પણ સરખો તો કરવો જ પડશે. એ કામ પણ એણે હોંસેહોંસે શરૂ કર્યું — જો કે એણે માન્યું કે પોતે ઝડપથી કામ કરી રહી હતી.

મકાનના ઉપલા ભાગમાં કામ પતી ગયું ત્યારે લોટીને ખયાલ આવ્યો કે નીચે પણ એવી જ ખરાબ હાલત હતી. પહેલાં તો એણે એ તરફ ધ્યાન આપ્યું નહિ. પણ એમાંથી છટકીને એ ક્યાંય જઈ શકે એમ પણ નહોતું.

લોટીએ રસોડાથી પરસાળ સુધીનો ભાગ સાફ કરી નાખ્યો. અલબત્ત, પોતાના મનને તો એણે એમ જ સમજાવ્યું કે કંઈક કામ કરવું જોઈએ એટલે જ એ સાફસૂફી કરી રહી હતી. આખો દિવસ ઘર-ઘર રમીને ઊંઘી ગયેલા બાળકની જેમ એ રાતે ઊંઘી. જિન્દગીમાં પહેલાં કદી એને આવી લહેર નહોતી પડી.

બેસને આવવાને એક જ દિવસ બાકી હતો. ચકચકતા આયના પાસેથી પસાર થતાં લોટીએ પહેલાં અમસ્તું જ હોય એમ, અને પછી

હિન્દુધર્મના ત્રણ પ્રમુખ દેવોમાં શિવનો સમાવેશ તેની શક્તિ અને વિશિષ્ટતાનો દ્યોતક છે. મોહન-જો-દડોમાંથી મળી આવેલા શિવલિંગથી સિદ્ધ થાય છે કે સામાન્યતઃ શિવ લિંગ સ્વરૂપે પૂજાતા. પ્રાગૈતિહાસિક કાળથી માંડી ગુપ્ત સમયના પ્રારંભ પર્યન્ત શિવની લિંગ સ્વરૂપે પૂજા થતી રહી હોવાનું તદ્વિદોનું માનવું છે. (ડૉ. વાસુદેવ ઉપાધ્યાય, 'પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન', પૃ. ૧૧૪.) લિંગના પણ એકાધિક સ્વરૂપ-પ્રકાર છે. ગુપ્ત સમય દરમિયાન લિંગમાં શિવનું મુખ કોતરવાની એક નવી શૈલી વિકસી. આને 'મુખલિંગ' કહે છે. આવાં લિંગમાં એકથી પાંચ સુધી મુખ કોતરવામાં આવતાં. 'રૂપમંડન', 'રૂપાવતાર' વગેરે મૂર્તિવિધાનના પ્રાચીન ગ્રંથોમાં આનું સ્વરૂપવિધાન મળે છે.

આગળ નોંધ્યું તેમ લિંગમાં શિવનું મુખ કોતરવામાં આવે તે મુખલિંગ કહેવાય, અર્થાત્ તેમ શિવની પૂર્ણ આકૃતિ કોતરવામાં આવતી નથી. ક્વચિત્ આખી આકૃતિવાળા લિંગ પણ મળે છે સમગ્ર ભારતમાં અનેક સ્થળેથી ગુપ્તકાળથી જ સ્થાપિત મુખલિંગ મળી આવ્યાં છે. ગુજરાતમાં પણ તે સાંપડ્યાં છે. અલબત્ત, આનું પ્રમાણ બહુ



ઉમરાળાનું મુખલિંગ

નથી. લકુલીશની જન્મભૂમિ મનાતા કારવણ ગામના રાજરાજેશ્વર મંદિરમાં લિંગમાં કોતરાયેલા લકુલીશની પ્રતિમા એ લિંગમાં શિવની આખી પ્રતિમા હોવાનું વિશિષ્ટ ઉદાહરણ ગણી શકાય. આનો સમય ૧૨મી સદી હોવાનું માનવામાં આવે છે. (હવે ક. ભા. 'ગુજરાતનું મૂર્તિવિધાન', પૃ. ૨૫૨) તો ઇસ્વી સનની ત્રીજી-ચોથી સદીનું ક્ષત્રપ કાળનું મુખલિંગ ભરૂચમાંથી મળી આવ્યું છે. આ ઉપરાંત, શામળાજી, ખંભાત, ભલકાવાડા (જિ. બનાસકાંઠા), ખંડોસણ વગેરે સ્થળેથી પણ મુખલિંગો મળી આવ્યાં છે. વઢિયાર પ્રદેશના શમી; વડનગર પાસે બાણુગંગા ગામેથી ચતુર્મુખ લિંગ મળી આવ્યાં છે. અહીં એ નોંધવું અસ્થાને નહિ ગણાય કે સૌરાષ્ટ્રમાંથી મુખલિંગ મળી આવ્યાનું જાણમાં નથી.

ભાવનગર જિલ્લાના ઉમરાળા (ગોહીલોની જૂની રાજધાની) ગામે કાળુભાર નદીના સામા કાંઠે આવેલા ધોળનાથ મહાદેવની જગ્યામાં, મુખ્ય મંદિરની પાછળના ભાગે જમણી બાજુ નાનકડી છતરડી નીચે, પાંચ સે.મી. ઊંચાઇ અને ચાર સે.મી.નો વ્યાસ ધરાવતું કાળા પથ્થરમાં કોતરેલું એક મુખલિંગ તાજેતરમાં આ સ્થળની સ્થળતપાસ દરમિયાન લેખકના ધ્યાનમાં આવ્યું છે. આ મુખલિંગની પ્રથમ વિશેષતા એ છે કે આટલા નાના સ્વરૂપનું મુખલિંગ હજી સુધી ગુજરાતમાંથી મળી આવ્યું નથી. શિવની ધ્યાનસ્થ અવસ્થા, બીડાયેલા હોઠ, ગોળ ચહેરો, મસ્તક ઉપર પાઘડી જેવું લક્ષણ વગેરે સ્પષ્ટ જોઇ શકાય છે. મસ્તક પરની પાઘ, બંધ આંખો, ચહેરા પરની ગંભીરતા વગેરેના આધારે આ મુખલિંગ સાતમી-આઠમી સદીનું હશે તેમ કહી શકાય.

(મોટા દડવા) —હસમુખ વ્યાસ

દર્દનાક સ્પષ્ટતાથી પોતાને બીજાની નજરે જોઈ. પોતાનું પ્રતિબિંબ એનાથી જોયું ગયું નહિ.

એણે અંગત વપરાશની કેટલીયે ચીજો ખરીદી. બ્યૂટી પાર્લરમાં પણ ગઈ અને બદલાયેલા સ્વરૂપે એમાંથી બહાર આવી.

બેસે ઘંટડી મારી ત્યારે લોટી રસોડામાં હતી. એના હૃદયના ધબકારા વધી ગયા રસોડામાં ગરમી હતી એટલે હશે? કોણ જાણે!

લોટીએ બારણું ખોલ્યું. સામે બેસ ઊભેલી હતી. એ લોટીને ભેટી પડી. પણ લોટી તો એના આલિંગનમાં સજ્જડ ઊભી રહી.

'ઓહ, લોટી! છેવટે આપણે મળ્યાં!' બેસ બોલી. પણ લોટી કેવી સુંદર લાગતી હતી એ તો એણે કહ્યું જ નહિ!

ઉપર જઇને બેસે પોતાની ગંદી પેટી નીચે મૂકીને કહ્યું : 'આજે રાતે તો હું એકદમ જ ઊંઘી જવાની છું.' સરસ રીતે સજાવેલા બેડરૂમ વિશે પણ એણે કંઈ ન કહ્યું.

જમવાને વખતે ટેબલ પર સરસ વાનગીઓ જોઇને પણ બેસે આશ્ચર્ય ન બતાવ્યું. જો કે એની પોતાની પાસે તો પાંઉ ખરીદવાના યે પૈસા નહોતા.

પેટમાં સારું ખાવાનું પડ્યું એટલે બેસે પોતાની વાતો કરવા માંડી. ઠેકઠેકાણે ઘણા લોકોનો એમને મેળાપ થયો હતો. હા, ઘણાખરા લોકો ગરીબ જ હતા, પણ બધા બહુ સારા હતા. વાત કરતાંકરતાં બેસના ચહેરા પર વીતેલા દિવસો યાદ કરવાનો આનંદ તથા દર્દ, અને સૌથી વધારે તો જે અકિંચન પુરુષની સાથે એ જીવી હતી એના પ્રેમની ઝલક આવી જતી હતી.

ત્યારે લોટીને ખયાલ આવ્યો કે બેસે કેમ એના સુંદર ઘરનાં વખાણ કર્યાં નહોતાં. એ તરફ એનું ધ્યાન જ ગયું નહોતું. આવતી કાલે એ ઘરને બરાબર જોશે. લોટીને પણ જોશે. આજે તો એક જ વાત પર બેસનું ધ્યાન હતું—પોતે જે ઝંખી રહી હતી એ બહેનના ઘરમાં અને હૃદયમાં એ સ્થાન પામી હતી.

છેવટે બેસ બોલી : 'મારી વાતો બહુ થઈ ગઈ. આ વર્ષો તને કેવાં નીવડ્યાં?'


'મેં જ એ વર્ષોને વેડફી નાખ્યાં,' લોટીએ કહ્યું, 'મેં પૈસા બચાવ્યા પણ મારો સૌથી સારો સમય પૈસા ખર્ચીને જિંદગી માણ્યા વિના જ વીતી જશે એનો મને વિચાર આવ્યો નહિ. ન જીવેલી જિંદગી આ મારા જીવ્યાનો સાર. અને હવે તો અંત લગભગ આવી ચૂક્યો છે. ત્યારે નવું કંઈ કંઇ વિચારી પણ ન શકાય.'

બેસે કહ્યું : 'હજી કેટલું જાણવાનું બાકી છે એ ખયાલ આવે એ જિંદગી જીવવાની શરૂઆત. પણ કેટલાં વર્ષો બાકી રહ્યાં છે એનો વિચાર ન કર. આપણે તો કેટલા દિવસો બાકી રહ્યા છે એનો વિચાર કરવાનો હોય. આપણે એટલાં કામો આટોપી લેવાનાં છે કે આપણે પોતાને વિશે અફસોસ કરવામાં એક દિવસ પણ આપણાથી વેડફી શકાય નહિ.'

લોટી મોટેથી હસી પડી : 'ખરું કહું તો મને તારે માટે અફસોસ થતો હતો. મારામાં સમજ હોત તો હું મારે પોતાને વિશે દુઃખી થઈ હોત. હવે ટાંટિયા ઉછાળવાની ઉંમર તો રહી નથી. પણ તું મને એ શીખવી શકે. પછી ભલેને એમ કરતાં માથું પછડાય!'

અને બંને બહેનો હસી પડી. □

[ડોરોથી વેસ્ટની એક નીગ્રો વાર્તા પરથી]



ગુજરાતનું એક સમયનું જાહોજલાલ બંદર


ભરૂચ

ડૉ. શિવપ્રસાદ રાજગોર


ભરૂચનું બંદર બહુ પ્રાચીન કાળથી જાણીતું છે. ભૃગુ ઋષિએ અહીં વસવાટ કરેલો એ કારણે તે ભૃગુકચ્છ તરીકે ઓળખાતું. 'કચ્છ' એટલે કળણવાળો પ્રદેશ. પ્રાચીનકાળમાં તે જલ અને સ્થલપત્તન પણ કહેવાતું. ભરુ નામના એક રાજા પરથી આ નગરનું નામ ભરુકચ્છ પડ્યું એમ પણ મનાય છે, તો ડૉ. સાંકળિયા માને છે કે આ નામ તેનું ઑસ્ટ્રો-એશિયાટિક મૂળ સૂચવે છે. બૌધ જાતકકથાઓમાં 'પત્તન-ગામ' નામે તેનો ઉલ્લેખ છે. અહીંથી શ્રીલંકા અને સુવર્ણભૂમિ સુધી વહાણો જતાં. સુપ્પારક જાતક પ્રમાણે બોધિસત્ત્વના પિતા અને એ પોતે અહીંના 'નિર્યામક જેષ્ઠ' એટલે કે વહાણવટીઓના વડા હતા. સુસ્સોંદી જાતકમાં ભરૂચ અને બ્રહ્મદેશ વચ્ચે સાગના પાટડાનો વેપાર થતો હોવાનો ઉલ્લેખ મળે છે. આ વહાણોમાં સાત સો કે તેથી યે વધુ પ્રવાસીઓ લંકા, બ્રહ્મદેશ, મલયૂ, સુમાત્રા, જાવા વગેરે દેશોની ખેપ કરતા રહેતા હતા.

જમીન માર્ગે ભરૂચ, ઉજ્જેન, કાશી, શ્રાવસ્તી, મથુરા, રાજગૃહ વગેરે સ્થળો સાથે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાંથી પસાર થતા માર્ગો દ્વારા જોડાએલું હતું. ઉજ્જૈન બાજુથી એક માર્ગ ભરૂચને દક્ષિણનાં નગરો સાથે પણ જોડતો હતો. બાવેરૂ જાતકમાં જણાવ્યા પ્રમાણે ભરૂચથી કપાસ અને મોરની બેબિલોનમાં નિકાસ થતી હતી. મૂળ સોપારાના પણ ભરૂચ આવી વસેલા સુપ્પારકકુમારના માર્ગદર્શન-માં ભયંકર તોફાનમાં સપડાએલું એક વહાણ ઈરાની અખાત, રાતા સમુદ્ર વગેરેની ખેપ કરીને સહીસલામત પાછું આવ્યું હતું. ઈસુની છઠ્ઠી-સાતમી સદી પૂર્વે ભરૂચ અને બેબિલોન વચ્ચે વેપાર ચાલતો હોવાનું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે. શકુનિકા-વિહારની કથામાં ભરૂચનો એક શ્રેષ્ઠી વ્યાપારાર્થે લંકા ગયાનો ઉલ્લેખ છે. આ વિહાર ઈસુની પ્રથમ શતાબ્દીમાં બંધાયો હોવાનું મનાય છે. 'પેરિપ્લસ ઑવ ધી ઇરીથ્રીઅન સી'ના અનામી લેખકે ઈ. ૭૫ (કે ૧૫૦)માં ભરૂચનો 'બારીગાઝા' નામે ઉલ્લેખ કરવા સાથે લખ્યું છે કે, ભરૂચમાં ગ્રીક નાણું પણ પ્રચલિત હતું અને ભરૂચ દ્વારા પશ્ચિમ તથા ઉત્તર ભારતમાં અનેક ચીજોની આયાત-નિકાસ થતી હતી, જેમાં સુરા અને સુંદર યાવનીઓનો પણ સમાવેશ હતો. કાપડ, અકીકની વસ્તુઓ, ઔષધો, પ્રસાધનો, અલંકારો વગેરેની અહીંથી નિકાસ થતી. અહીંથી રોમ જતાં 'વણેલી હવા જેવાં અને આરપાર દેહ દેખાય તેવાં' પારદર્શક પાતળાં વસ્ત્રો માટેના રોમન નારીઓના મોહન લીધે રોમમાંથી ઘણું બધું સોનું અહીં ઘસડાઈ આવતું એ બદલ રોમન ઇતિહાસકારોએ વિલાપ પણ કર્યો છે. ઑગસ્ટસ સીઝરને મળેલા શ્રમણાચાર્ય ભરૂચથી ત્યાં ગયા હતા એમ મનાય છે. ક્ષત્રપ કાળમાં ક્ષત્રપ નહપાન વગેરે અને આંધ્રના સાતવાહન રાજાઓ વચ્ચે સર્વોપરિતા માટેના વિગ્રહો-માં સોપારા જતાં રોમન વહાણોને ભરૂચના બંદર તરફ વાળવા ક્ષત્રપ અધિકારીઓ દબાણ કરતા. આ ક્ષત્રપોના શાસનકાળ ઈ. ૮૫થી ૩૮૯ દરમિયાન આંતરરાષ્ટ્રીય બંદર તરીકે ભરૂચની નામના હતી. તે પછી ઈ ૪૭૦-૭૮૮ દરમિયાન થોડા સમય માટે ભરૂચ વલભીના શાસનનાં હતું. ઈ. ૫૭૦-૭૪૫ના ગાળામાં નાંદિપુરી-નાંદોદ-રાજ-પીપળા-અને ભરૂચના ગુર્જર પ્રતિહાર શાસકો વલભીના તાબેદાર હશે, પણ કેટલાક સમય બાદ ભરૂચ ગુર્જર પ્રતિહારોની રાજધાની બન્યું હતું. આ દરમિયાન જુનૈદના વખત (ઈ. ૭૨૫)માં તે આરબોના હુમલાનો ભોગ પણ બનેલું. ગુર્જર પ્રતિહારોના અસ્ત પછી તે રાષ્ટ્રકૂટોના શાસનમાં ગએલું. સિદ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવે ઈ ૧૦૭૩માં લાટ દેશ પર વિજય મેળવી ભરૂચ પણ હાથ કરેલું. પરંતુ સિદ્ધરાજના સમયમાં તે ચૌલુક્ય સામ્રાજ્યના ભાગરૂપ બની ગએલું. ચૌલુક્ય શાસનના અંતિમ કાળમાં ચૌહાણ અને ચાલુક્ય રાજાઓ થોડો સમય ભરૂચના શાસક બન્યા હતા. વસ્તુપાળે આ સ્થિતિનો અંત આણ્યો હતો. કોંકણ, મલબાર, લંકા, જાવા, સુમાત્રા વગેરે સાથે ભરૂચ બંદરેથી વેપાર થતો, અને માળવા, રાજસ્થાન અને દક્ષિણાપથને માટે આ બંદરનું મહત્ત્વ હતું. માળવાના પરમારો અને પાટણના ચૌલુક્યો વચ્ચેના વિગ્રહોમાં ભરૂચનું બંદર પણ એક કારણ હશે તેમ માની શકાય. આ અગાઉ ભરૂચ જ્યારે રાષ્ટ્રકૂટોના તાબામાં હતું ત્યારે ભિન્નમાલ અને કનોજ પર શાસન ધરાવતા ગુર્જર પ્રતિહારોએ પોતાની જરૂરિયાત માટે ખંભાતના બંદરને વિકસાવવા પ્રયાસ કર્યો હશે.

સન ૧૩૦૪થી ૧૭૭૨ ભરૂચ મુસ્લિમ સુલતાનો અને મુઘલ બાદ-શાહોના કબજામાં રહેલું. પંદરમી સદીમાં લખાએલા 'શ્રીપાલ રાસા'માં કૌશાંબીના ધવલશેઠનાં વિવિધ કદનાં વહાણોના કાફલાનો ઉલ્લેખ છે, તેનો વેપાર ભરૂચમાં હતો. ઈ. ૧૫૧૫માં બાર્બોસાએ તેમના વિપુલ વેપાર અને જકાતની આવકની નોંધ કરી છે. ગુજરાતની મુસ્લિમ સલ્તનતના શાસન દરમિયાન પોર્ટુગીઝોએ ૧૫૩૬ અને



નર્મદાના ઉત્તર કિનારેથી દેખાતો ભરૂચનો ઐતિહાસિક કોટ



ભરૂચ બંદરના ફુરજા પાસે લાંગરેલાં વહાણો

અમદાવાદથી મુંબઈ જતાં નર્મદાનો પુલ પસાર કર્યા પછી વળાંક લેતી ગાડીમાંથી નદીના ઉત્તર કાંઠે ભરૂચને રક્ષતી લાંબી દીવાલ અને તેની પાછળ દેખાતા શહેરનું સુંદર દૃશ્ય જોવા મળે છે. મિરાતે સિકંદરીમાં નોંધ છે તે પ્રમાણે ઈ.૧૫૨૬માં અમદાવાદના સુલતાન બહાદુરશાહે અહીં ગઢ બંધાવ્યાનું મનાય છે. ઈ. ૧૫૬૦ના અરસામાં ઔરંગઝેબ ભરૂચનો ગઢ તોડાવી નાખેલો, અને પછી અઢી દાયકા બાદ એણે જ મરાઠાઓ સામે રક્ષણ માટે એ ફરી બંધાવ્યો હતો. ભરૂચ શહેરનો ઉત્તર તરફનો ભાગ ઊંચાણમાં છે. નર્મદા જેવી મોટી નદીના પટ પાસે શહેર વસાવવા માટે આવા ઊંચા સ્થાનની પસંદગી સ્વાભાવિક છે.


ભારતની પશ્ચિમ કંઠાર ઉપર આ જૂનામાં જૂનું બંદર છે. ભૃગુપુર, ભૃગુતીર્થ, ભરુકચ્છ ભરુગછ વગેરે નામોથી તે ઓળખાતું. જાતક-કથાઓ, રુદ્રદામા, વરાહમિહિર, બૃહત્સંહિતા, ટૉલેમી, હુએનસંગ વગેરેએ કરેલા તેના વિષેના અનેક ઉલ્લેખો અને વર્ણનો મળે છે.

ભૃગુઋષિએ અહીં તપ કરેલું અને આશ્રમ સ્થાપેલો એ પરથી આ સ્થળ ભૃગુતીર્થ કહેવાતું. નર્મદાપુરાણના રેવાખંડની કથા પ્રમાણે ભૃગુ ઋષિએ કચ્છ(કૂર્મ)ની પીઠ ઉપર એક નગરની સ્થાપના કરેલી તે આ ભૃગુ-કચ્છ. બલિ રાજાએ અહીં અશ્વમેધ યજ્ઞ કરેલો અને વામનરૂપે આવેલા વિષ્ણુને પોતાના સર્વસ્વનું દાન કરેલું એમ કહેવાય છે. નાસિક પાસેની એક ગુફામાંથી મળેલા ઈસ્વીસનના પહેલા શતકના એક લેખમાં શકક્ષત્રપ નહપાનના જમાઇએ યાત્રીઓને માટે ભૃગુકચ્છમાં એક ધર્મશાળા તથા વાવ બંધાવ્યાની નોંધ છે.

પ્રાચીનકાળમાં ભૃગુપુર વ્યાપારનું એક મોટું કેન્દ્ર હતું. મૌર્ય, સાતવાહન અને ગુપ્ત

૧૫૪૯માં લૂંટ ચલાવી ભરૂચના વેપારને નુકસાન પહોંચાડયું હતું. ઈ. ૧૬૧૪માં જહાંગીરના શાસન દરમિયાન પણ તેઓએ ભરૂચ પર હુમલો કર્યો હતો. ભરૂચના 'બાફટા' નામક વિખ્યાત રેશમી કાપડથી આકર્ષાઇને અંગ્રેજો તથા ડચ લોકોએ અનુક્રમે ૧૬૧૬ અને ૧૬૧૭માં ભરૂચમાં પોતાની કોઠીઓ સ્થાપી હતી. મરાઠાઓએ પણ ભરૂચની સમૃદ્ધિથી લલચાઇને ૧૬૭૫ અને ૧૬૮૬માં અહીં લૂંટ ચલાવી હતી. ઈ. ૧૬૭૩થી '૮૩ દરમિયાન આવેલા ફ્રાયરે ભરૂચના બંદરમાં પ્રવેશવા માટે કુશળ પાયલોટની સહાય જરૂરી ગણાવી હતી. સોળમી-સત્તરમી સદી દરમિયાન અહીં એક સોથી ત્રણ સો ટનનાં વહાણો આવતાં હતાં. ઇરાની અખાત અને રાતા સમુદ્રનાં બંદરો તથા ચીન સાથે ભરૂચનો બહોળો વેપાર હતો. વિલિયમ ફિન્ચ, એડવર્ડ ટેરી, પીટર દ લાવલ, વગેરે પ્રવાસીઓએ અહીંના કાપડ અને અહીં બંધાતાં 'બતેલા' વહાણોનો ઉલ્લેખ કર્યો છે. રોમન કોચ (ગાડી) જેવડી મોટીમોટી ગાંસડીમાં અહીંથી કાપડ પરદેશ જતું.: પોર્ટુગીઝોના વર્ચસ્વ દરમિયાન દીવ, ગોવા કે વસાઇનો માલ ભરૂચ બંદરેથી પરદેશ જતો. પણ એમના વર્ચસ્વનો અંત આવતાં અંગ્રેજો અને ડચ વહાણવટીઓ અને વેપારીઓ મધ્ય તથા દૂર પૂર્વના દેશોમાં અહીંનું કાપડ પહોંચાડતા. સંવત ૧૯૮૭ (ઈ. ૧૯૩૦-'૩૧)ના 'સતાશિયા દુકાળ'માં અનેક વણકરો ઘટી જતાં અહીં કાપડનું ઉત્પાદન ઘટયું હતું. દામાજીરાવ બીજા અને તેના અનુગામીઓએ નવાબ પાસેથી ભરૂચની જકાતમાંથી ત્રીજો ભાગ પડાવ્યો હતો, અને અંગ્રેજોએ નવાબ પાસેથી ભરૂચ પડાવી લીધા બાદ ગાયકવાડ અહીં પોતાની રાજધાની સ્થાપવા અંગ્રેજોને છથી આઠ લાખ રૂપિયા આપવા તૈયાર થયા હતા, પરંતુ અંગ્રેજોએ એ પ્રસ્તાવ સ્વીકાર્યો નહોતો. વચ્ચે થોડો સમય

સામ્રાજ્યમાં અહીંથી ભારતનાં દૂરદૂરનાં નગરો સુધી જવા માટે માર્ગો હતા. અહીંના બંદરેથી ઇજિપ્ત, યુરોપ, ઇરાન અને દૂર પૂર્વના દેશો સુધી આયાત-નિકાસનો વ્યાપાર હતો. અહીંથી ઘી, તેલ, ચોખા, રૂ, મશરૂ, રેશમ, મલમલ, વાસણો, કપૂર, ગંધક, ધૂપ અને તેજાના વગેરેની નિકાશ થતી; જ્યારે કાંસું, પરવાળાં, સૂરમો, અફીણ, કેરબા, ઝવેરાત, ખૂબસૂરત બાંદીઓ અને ગુલામો વગેરે પરદેશથી અહીં લાવવામાં આવતાં. ભરુકચ્છ નગરેથી સમુદ્રમાર્ગે વેપારીઓ ને ધર્મપ્રચારકો વિદેશ જતા, અને આ એક મોટું વ્યાપાર-કેન્દ્ર હોવાના જાતકકથાઓમાં પણ ઉલ્લેખો મળી આવે છે.



ભરૂચની પાસે જ નર્મદા નદી ઉપરનો આજનો રેલવે-પુલ

ઈસ્વીસનના સાતમા શતકમાં ભૃગુકચ્છ નગરી એક સ્થાનિક રાજવંશની રાજધાની હતી. ઈ. ૬૨૯માં ચીની પ્રવાસી હુએન સાંગ આવેલો. એ કાળે અહીં દસ બૌદ્ધ મઠ હતા ને તેમાં ત્રણસો ભિખ્ખુઓ રહેતા હતા. હુએન સાંગે આ નગરીના વૈભવનું પુષ્કળ વર્ણન કર્યું છે, જેમાં અહીં એક ઊંચો પ્રાકાર-મહેલ હોવાનો પણ ઉલ્લેખ છે.

કાળના વહેવા સાથે ભરૂચે અનેક પ્રકારની ચડતીપડતી અનુભવી છે. ક્ષત્રપ અને ગુપ્તવંશના શાસન પછી અહીં વલભી રાજ આવેલું. એ વંશના રાજા ધરસેનના સમયમાં અહીં ગુર્જરો આવ્યા. ભરૂચના ઝાડેશ્વરી દરવાજા પાસે નંદીપુરી કિલ્લામાં એમની રાજધાની હતી.

ઈ. ૭૧૭ અને ૭૨૪માં સિંધના આરબોએ ચઢાઇ કરી ભરૂચમાં લૂંટ ચલાવેલી. ગુર્જર ને રાષ્ટ્રકૂટ રાજાઓના સમયમાં પણ આરબોએ ત્રણેક વાર ભરૂચ લૂંટ્યું હતું. ત્યાર બાદ ચાવડા અને સોલંકી રાજ્યામલમાં કંઈક શાંતિ રહી. કુમારપાળે અહીં નગરને ફરતો કોટ બંધાવેલો. ગુજરાતના સુલતાન અને અમદાવાદ શહેર વસાવનાર અહમદશાહના વંશજ બહાદુરશાહે ઈ. ૧૫૨૭માં આ કોટ સમરાવ્યાની નોંધ છે. ઈ. ૧૫૩૪માં હુમાયુંએ ગુજરાત પર જીત મેળવતાં ભરૂચ મુઘલ શાસનમાં ગયું. વચ્ચે બે વર્ષ ગુજરાતના બાદશાહની હકૂમતમાં ગયું, પણ ૧૫૭૩માં અકબરે ફરી જીતી લઇને પોતાના એક સરદાર કુત્બુદ્દીનને જાગીરમાં આપ્યું. આ દરમિયાન—૧૫૩૬ થી ૧૬૧૪ દરમિયાન પોર્ટુગીઝોએ પણ ત્રણ વાર ભરૂચ લૂંટ્યું હતું. ઈ. ૧૬૧૬માં જહાંગીરે સર ટૉમસ રોને વેપાર માટે પરવાનગી આપતાં અંગ્રેજોએ ભરૂચમાં પહેલી કોઠી નાખી. ૧૬૧૮માં વલંદાઓએ પણ અહીં ધામા નાખ્યા. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ પણ અહીં બે વાર લૂંટ કરી, અને તે પછી શંભાજીએ પણ બે વખત ભરૂચ લૂંટ્યું હતું.


ઈ. ૧૭૨૨માં મહમદશાહ બાદશાહે નિઝામ-ઉલ-મુલ્કને ભરૂચની જાગીર આપી હતી. નિઝામે તેનો વહીવટ પોતાના એક સરદારને સોંપ્યો જે એના વંશજોએ પણ ચલાવ્યો. એમાંના એક મિરઝા બેગના સમયમાં દામાજી ગાયકવાડે ભરૂચને ઘેરો ઘાલી અહીંની બંદરી જકાતમાં પોતાનો ભાગ પણ દાખલ કરાવેલો. આગળ જતાં એ જ રીતે અંગ્રેજોએ પણ જકાતમાં ભાગ પડાવ્યો અને પછી લાંબા સમય સુધી પોતાનો ભાગ ન મળ્યાના બહાના તળે ૧૭૭૨માં નવાબના દીવાન લલ્લુભાઈને ફોડીને ભરૂચ હાથ કરી લીધું.

આ પછી સિંધિયાએ અંગ્રેજો પ્રતિ દાખવેલી કૂણી દૃષ્ટિ બદલ ઈ. ૧૭૭૩માં ભરૂચ એને આપવામાં આવ્યું, જે અંગે પ્રજામાં બહુ કચવાટ થયો હતો. ઈ. ૧૮૦૩માં અંગ્રેજોએ ફરી ભરૂચ સ્વહસ્તક કર્યું અને તે પછી ભરૂચમાં રાજકીય સ્થિરતા સ્થપાઈ. ૧૮૨૬માં ગુજરાતની પ્રથમ ગુજરાતી શાળા ભરૂચમાં સ્થપાઈ. ૧૮૫૭ના બળવા પછી કંપનીના સ્થાને મહારાણી વિક્ટોરિયાનું બ્રિટિશ શાસન આવ્યું ને પ્રજાજીવનમાં

ભરૂચ સિંધિયાના શાસનમાં મુકાયું ત્યારે ભરૂચની પ્રજા બહુ નારાજ થઈ હતી.

નર્મદાના મુખથી અંદર પૂર્વમાં ૪૮ કિ. મી. દૂર નદીના ઉત્તર કાંઠે ભરૂચનું સ્થાન છે. નદીના મુખથી અહીં સુધીમાં સમની, કુકેરવાડા અને મહેગામ પાસે ખરાબાઓ (શૉલ્સ) હોઈ મોટી ભરતી સિવાય આજે વહાણો બંદર સુધી આવી શકતાં નથી. મુખ પાસે નદીનો પહોળો પટ અલિયાબેટને કારણે બે ભાગમાં વહેંચાઈ જાય છે. આમાં દક્ષિણ તરફની નાળમાં ઓટ કે નાની ભરતી વખતે પાણી રહેતું નથી, જ્યારે અંભેટા નજીક નાળમાં વહાણો આવજા કરી શકે તેટલું પાણી કાયમ રહે છે. પ્રવેશ પાસે નદીનો પટ ૧૦.૬ કિ.મી. પહોળો છે. મુખ પાસે કાંપનો જમાવ થતો હોઈ નાળ સાંકડી પણ ઊંડી થઈ છે, પરંતુ ભરતીનો વેગ ઘટવાથી વધુ કાંપ ઠરવાની શક્યતા વધી છે. ઓટ વખતે પણ પાણીના પ્રવાહનો વેગ સામાન્યતઃ કલાકના ચાર થી પાંચ નોટ'નો રહે છે, જ્યારે નદીની બહાર ખુલ્લા સમુદ્રમાં ભરતીનો વેગ એથી એકાદ નોટ વધાર હોય છે. મુખ પાસે ભરતી આઠ મીટરથી વધુ, જ્યારે ભરૂચ પાસે તે ત્રણેક મીટર જેટલી જ હોય છે.

અગાઉ તો પૂનમ-અમાસની મોટી ભરતી વખતે સોસો ટનનાં વહાણો છેક અહીંના કસ્ટમ હાઉસ સુધી, અને એથી નાનાં પચાસ ટનનાં વહાણો ભરૂચથી ૧૧ કિ.મી. દૂર પૂર્વમાં છેક જગાદીર સુધી આવતાં. નાની ભરતી વખતે આ સ્થળોએ ૮૦ અને ૩૦ ટનનાં વહાણો આવતાં. કસ્ટમ હાઉસ પાસેના ફૂટની પાસે ત્યારે છ મીટરથી વધુ ઊંડું પાણી રહેતું અને લુહારા પૉઈન્ટ નજીકની દીવાદાંડીથી સાતેક કિ. મી. પર આવેલી લંગરગાહ (ઍન્કરેજ) પાસે ૧૮ મીટર જેટલું ઊંડું પાણી રહેતું. કરસેલા ઍંક (કંઠાર)થી પશ્ચિમ અને ઉત્તર તરફની



ભરૂચ બંદરનો ફુરજો

ક્રાંતિ સ્થપાતાં ભરૂચમાં નવો વિકાસ આરંભાયો. ભરૂચનું વિક્ટોરિયા ક્લૉક ટાવર આ મહારાણીના અવસાન પછી તેની યાદમાં બાંધવામાં આવેલું છે. ઈ. ૧૮૬૮માં ભરૂચમાં એક વિશાળ ઔદ્યોગિક પ્રદર્શન ભરાયું હતું. ઈ. ૧૮૫૧માં લંડનમાં અને ૧૮૬૭માં પારીસમાં યોજાયા પછી એ પ્રકારનું ત્રીજું અને એશિયાભરમાં આ પ્રથમ પ્રદર્શન હતું. અવનવાં પ્રાણીઓથી માંડી કલા-કારીગરીની અનેક પ્રકારની ચીજો તથા લાખોની કિંમતનું રજવાડી ઝવેરાત સુધ્ધાં તેમાં પ્રદર્શિત થએલાં. આ ઉત્સવ દરમિયાન નર્મદા નદીમાં તરાપાઓ પર આતશબાજી પણ યોજાઈ હતી. પારીસનું આવું ભવ્ય પ્રદર્શન જોઈ ભરૂચના જ બે શેઠિયાઓએ આ પ્રદર્શન યોજવા પ્રેરાયા હતા.

ઈ. ૧૮૬૨માં ભરૂચનું રેલવે સ્ટેશન બન્યું. નર્મદા ઉપર પુલ બંધાયો જેને ૧૮૬૪માં નર્મદાનાં પૂરથી ભારે નુકસાન થતાં ૧૮૭૭માં બીજો મોટો પુલ બંધાવો શરૂ થયો. ૧૮૮૧માં એનું કામ પૂરું થયું ત્યારે ધાર્યા કરતાં તેની પાછળ ઘણો વધુ ખર્ચ થઈ ગયો હોઈ એ 'સોનાનો પુલ' એટલે કે 'ગોલ્ડન બ્રિજ' નામે ઓળખાવા લાગ્યો. એ પછી રેલમાર્ગ માટે એની બાજુમાં જ એથી યે મોટો પુલ બંધાયો, જેના પરથી આજે યે ગાડી આવ-જા કરે છે. આજે પણ આ રેલમાર્ગ પરથી પસાર થતાં નર્મદાના દક્ષિણ કાંઠેથી, નદીની સપાટીથી ઊંચો લાંબો કોટ અને તેની પાછળ એથી યે વધુ ઊંચાણે બંધાએલાં મકાનો ને તેને પ્રતિબિંબિત કરતા નર્મદાના પટનું દશ્ય જોનારને આહ્‌લાદ આપે છે.

નર્મદાના આ વિશાળ પટથી દરિયો બહુ દૂર ન હોઈ ભરૂચ પાસે તેનું પાણી ડહોળું અને ખારું રહેતું હોઇ પીવાલાયક હોતું નથી. આથી જ ભરૂચનાં લગભગ બધાં જૂનાં મકાનોમાં ટાંકાં હોય છે. આ ઉપરાંત, અહીં કૂવાઓ પણ છે. પાણીની ખેંચને લીધે જ તો ઔરંગઝેબે ભરૂચને 'સૂકાબાદ' કહ્યું હતું.

ભરૂચમાં નર્મદાના કાંઠા ઉપર અનેક મંદિરો છે, જેમાં ભૃગુઋષિનું સ્થાન સૌથી પ્રાચીન છે. ત્યાંનાં નાનાં મંદિરમાં શિવલિંગો છે. આવું એક પ્રાચીન સ્થાન ભૂતનાથનું છે. ઈ. ૧૮૫૭માં ત્યાં જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. પેશવાઈના સમયમાં ભૃગુભાસ્કરેશ્વરનું મંદિર બંધાએલું છે. આ ઉપરાંત, લક્ષ્મી-નારાયણ અને રણછોડરાયનાં મંદિરો પણ ૧૫૦-૨૦૦ વર્ષ જૂનાં છે. વિષ્ણુએ જ્યાં બલિરાજાને ભૂમિ પર ચાંપ્યો હતો તે સ્થાને બનેલું સોમનાથનું મંદિર પણ બહુ જૂનું છે.

ભરૂચમાં ઈ. ૧૦૧૮માં બંધાએલી મદ્રસા-મસ્જિદનાં દ્વાર તથા સ્તંભો પર નકશીકામ જોવા મળે છે. અહીંની વિશાળ જામા મસ્જિદ કોઈ હિંદુ મંદિર તોડીને બંધાઈ લાગે છે. તેમાં ૮૮ સ્તંભો અને ઉપર ત્રણ મોટા તથા દસ નાના ઘૂમટો છે. આ સ્તંભો અને છત વગેરે પરની કોતરણીમાં જોવા મળતાં હાથી-ઘોડા અને અન્ય શોભનો જૈન પદ્ધતિનાં લાગે છે, એના દરવાજાની નીચે બે ગૌમુખ પણ જોવા મળે છે, તથા ત્યાં આરસમાં કોતરેલી વિભિન્ન પશુ-આકૃતિઓ પણ છે. જૈનો માને છે કે આ અવશેષો હજારેક વર્ષ પૂર્વેના આ સ્થળ પરના એક જૈન-વિહારના હશે.

અહીંની બે પારસી અગિયારીઓ પણ જાણીતી છે, જેમાંની એકમાં ૮૦૦ વર્ષ પૂર્વેનો અખંડ અગ્નિ છે, જ્યારે હુંગાજીની અગિયારી ઈ. ૧૭૭૬માં બંધાઈ હતી. ઈ. ૧૭૦૦ના અરસાની એક ડચ વખાર પણ છે. શહેરમાંથી નદીતટ તરફ જતા રસ્તા ઢાળવાળા છે. નદીકાંઠા તરફની ગઢની દીવાલમાં પણ કેટલાક દરવાજા છે.

ગુજરાતનાં અન્ય મોટાં શહેરો અને બંદરોની સરખામણીમાં આજે ભલે ભરૂચનું મહત્ત્વ પહેલાં જેટલું ન લાગે, છતાં 'ભાંગ્યુંભાંગ્યું તો ય ભરૂચ.'

(સંકલિત)

નાળ નર્મદાના પહોળા મુખનું પ્રવેશદ્વાર છે.

નર્મદામાં ઢસડાઈ આવતા કાંપના અભ્યાસમાં જણાયું છે કે તે અરબી સમુદ્રમાં ભારતની નૈઋત્યે છેક લક્ષદીવ ટાપુઓ સુધી ફેલાય છે. રેલવેના પુલને કારણે નદીમાં નીચાણના ભાગમાં રેતીનાં ભાઠાં થયાં છે, પણ ભરૂચથી નીચાણના ભાગમાં લગભગ સાડા છ કિ.મી. સુધી નાળની ઊંડાઈ ઘટી નથી એટલું જ નહિ, ઊલટી વધી છે. નર્મદા ઉપર બંધ બંધાતાં આ તરફ કાંપનો જમાવ ઘટવાની શક્યતા છે. છતાં નદીમાં ઊભાં થતાં ભાઠાં અને કાંપના જમાવનો અભ્યાસ કરી તે અંગે ઉપાયો યોજવાની ખાસ જરૂર છે, પરંતુ આ માટે ઘણું ખર્ચ થાય તેમ હોઈ અનેક ભલામણો થવા છતાં એ ઠરતા જતા કાંપને દૂર કરવા પ્રયાસ થયો નથી. આ કાંપ ઠરીઠરીને પ્રકટેલાં ભાઠાંમાં તમાકુ, શાકભાજી, ટેટી-તરબૂચ ને ડાંગર ઉગાડાય છે.

ઓગણીસમી સદીના આરંભમાં ભરૂચનું રૂ બંગાળ અને ચીન સુધી જતું. સૂરત અને મુંબઈનાં બંદરો વિકસતાં ૧૮૧૫ પછી ભરૂચનો પરદેશ સાથેનો વેપાર તદ્દન બંધ થઈ કચ્છ-માંડવીથી મુંબઈ સુધીનાં કાંઠાનાં બંદરો સાથે જ તેનો થોડોઘણો વેપાર ટકી રહેલો. ખાંડ, ધાતુઓ, ગરમ કાપડ, નારિયેળ, મસાલા, પરદેશી ચીજો, વાંસ, સ્લિપરનું અને ઇમારતી લાકડું એ તેની મુખ્ય આયાત હતી, જ્યારે રૂ, અનાજ વગેરેની અહીંથી નિકાસ થતી. આ રીતે અહીં ૧૮૧૫-'૧૬માં ૧૪,૭૭,૮૦૦ રૂ.ની આયાત અને ૯૦,૦૦૦ રૂ.ના માલની નિકાસ થએલી. ૧૮૨૫માં બિશપ હેબરે ભરૂચની મુલાકાત લીધી ત્યારે કાંપને કારણે નર્મદાનું ઊંડાણ ઘટી અહીં મધ્યમ કદનાં વહાણો જ આવી શકતાં હતાં. ઈ. ૧૮૩૭થી ૧૮૪૭ દરમિયાન ભરૂચ બંદરે સરેરાશ ૪૧,૪૯,૧૭૭ રૂપિયાના માલની આયાતનિકાસ હતી, ૧૮૫૯થી

'૬૨ દરમિયાન વધીને તે ૭૨ લાખ રૂપિયા જેટલી થએલી. જેના કારણે આપણે ત્યાં 'શેર મૅનિયા' પ્રકટેલો તે અમેરિકન આંતરવિગ્રહને લીધે રૂના ભાવ અસાધારણ રીતે વધતાં નિકાસની કિંમતમાં એ વધારો થએલો. પરંતુ આગળ જતાં એ ભાવો બેસી જઈ ૧૮૬૫થી '૭૦ દરમિયાન કુલ આયાત-નિકાસ રૂપિયા ૪,૯૭,૩૭૩ જેટલી થઈ ગઈ હતી. વળી, ૧૮૬૧માં વડોદરા, સૂરત અને મુંબઈ સાથે રેલવે દ્વારા ભરૂચનું જોડાણ થતાં ભરૂચના બંદરનું મહત્ત્વ ઘટી ગયું અને રેલમાર્ગ પરનાં સ્થળોનો વેપાર વધ્યો હતો. ૧૯મી સદીના અંતમાં ભરૂચનો બંદરી વેપાર કુલ ૩૧ લાખ રૂપિયાનો હતો. રૂ, કપાસિયા, ઇમારતી લાકડું, વાંસ અને બળતણની નિકાસ થતી, જેમાંથી રૂ મુખ્યત્વે મુંબઈ જતું. પહેલા વિશ્વયુદ્ધનાં વર્ષોમાં અને ૧૯૩૦ની મંદીમાં ભરૂચને તેની માઠી અસર પડી જ હશે. ૧૯૩૨-'૩૩થી '૩૬-'૩૭ના ગાળામાં આયાત કરતાં નિકાસ વધારે હતી, પણ તેમાં યે પછી ઘટાડો થયો હતો. સન ૧૯૩૨-'૩૩માં ૩૬,૨૫,૦૦૦ રૂ.ના માલની આયાત અને ૧,૧૫,૩૩,૦૦૦ના માલની નિકાસ થએલી. જ્યારે સન ૧૯૩૬-'૩૭માં આયાત વધીને રૂ. ૪૯,૪૨,૦૦૦ની થએલી. ૧૯૩૩-'૩૪માં નિકાસમાં ૪૦ લાખ રૂપિયાનો ઘટાડો નોંધાએલો. ત્યાર બાદ સતત ૪૮-૪૯ લાખ રૂપિયાના માલ જેટલી નિકસ રહેલી. મંદીને લીધે ખેતીની પેદાશોના ભાવમાં ઘણો ઘટાડો થયો હતો. સન ૧૯૪૮-'૪૯થી '૫૨-'૫૩ દરમિયાન સરેરાશ વાર્ષિક આયાત ૩૧,૬૪૭ ટન માલની રહેલી, જ્યારે નિકાસ ૩૭,૪૭૮ ટનની હતી, જેની કિંમત અનુક્રમે ૫૧,૧૧,૦૯૪ અને ૪૭,૦૭,૬૧૧ રૂપિયા જેટલી હતી. સન ૧૯૫૩-'૫૪થી '૫૫-'૫૬ દરમિયાન સરેરાશ આયાત ૩૦ હજાર ટનથી થોડી વધુ, અને નિકાસ ૨૦ હજાર ટન માલની આસપાસ રહેલી. આમ, નિકાસનું પ્રમાણ ઠીકઠીક ઘટ્યું હતું.

ઈ. ૧૯૬૦માં મધ્યમ કક્ષાનાં બંદરો અંગેની સમિતિએ ભરૂચની કુલ આયાત-નિકાસનો ૫૦,૦૦૦ ટનનો અંદાજ આંકેલો. દસ વર્ષમાં તેમાં ૫૦,૦૦૦ ટનના વધારાની ગણતરી હતી, પણ એ આશા ઠગારી નીવડી હતી. આ સમિતિએ બંદર માટે બે ટગ ખરીદવાની તથા હાલની જેટીને ૨૫૦ ફૂટ જેટલી લંબાવવાની ભલામણ પણ કરેલી. એ અરસામાં મીઠું અને ડુંગળીની આયાત વધી હતી. સન ૧૯૫૯-'૬૦માં તળાજા અને મહુવાથી ૫,૦૬૧ ટન ડુંગળી અહીં આવેલી. જ્યારે ખોળની નિકાસમાં થોડો વધારો દેખાયો હતો. એ પછી ભરૂચની આયાત-નિકાસમાં ઘણો ઘટાડો થઈ ૧૯૬૦થી '૭૦નાં દસ વર્ષ દરમિયાન સરેરાશ ૧૬ હજાર ટનની આસપાસ રહી હતી. ૧૯૬૦-'૬૧માં ૧૩,૪૧૭ ટન માલની આયાત અને ૧૪,૩૯૬ ટનની નિકાસ હતી, તેના સ્થાને '૬૯-'૭૦માં ૫૫૨૬ ટન માલની આયાત અને ૮૭૫ ટનની જ નિકાસ થએલી. એ પછી યે ઘટાડો ચાલુ રહી '૭૮-'૭૯માં ૨૭૯ ટન માલ તથા '૭૮-'૭૯માં ૨૭૯ ટન માલ અને '૭૯-'૮૦માં માત્ર ૩ ટન માલ ભરૂચ બંદરે ઊતરેલો. અને પછી તો ૧૯૮૦-'૮૧થી તો ભરૂચ બંદરેથી કંઈ આયાતનિકાસ થઈ નથી.

આ બંદર પર આર.સી સી.ની જેટી તથા વ્હાર્ફ છે. પાસે જ ભાડભૂત અને શામળાપીઠ પાસે પણ જેટી છે. આ ઉપરાંત, વેરહાઉસ અને ગોદામની અહીં સગવડ છે.

ઈ. ૧૯૬૫-'૬૬માં ભરૂચ બંદરે ૫૧૩ વહાણો આવેલાં. આ પછી '૭૧-'૭૨માં ૨૯૩, '૭૫-'૭૬માં ૧૧૨, '૮૦-'૮૧માં ૧૭૧ અને '૮૧-'૮૨માં ૧૬૧ વહાણો આવેલાં. કાંપ વધી જવાને કારણે અહીં ઉત્તરોત્તર નાનાં વહાણો જ આવતાં થયાં છે, અને નર્મદાના કિનારા પરનાં ગામો સાથે ભરૂચનો જલમાર્ગે વેપાર ચાલે છે. નજીકમાં જ અંકલેશ્વરનું તેલક્ષેત્ર વિકસતાં અને ભરૂચમાં 'ઈફ્કો'નું ખાતરનું વિશાળ કારખાનું થવા છતાં સ્થાનિક લોકોને તેનો ઓછો લાભ મળે છે. ટૂંકમાં કાલાનુસાર નવીનવી પરિવહન વ્યવસ્થાઓ વિકસતાં તથા આયાત-નિકાસના માલની જરૂરતો બદલાઈ જતાં બંદર તરીકે ભરૂચ આજે તો લગભગ ભાંગી જ પડયા જેવી સ્થિતિમાં મુકાઈ ગયું છે. □

લઘુકથા

હિંમત

—પ્રા. આર. સી. પોપટ

શ્રાવણની ભીનીભીની મોસમની સવારના કૂમળા તડકામાં ઝળકતાં મોતીમઢ્યાં બાજરીનાં ડૂંડાંમાંથી કૂણા દાણા ચણવા એ બધાં ઊમટ્યાં હતાં. અચાનક એમાંના એક પંખીએ સૌને થંભાવી દેતાં કહ્યુ, 'અલ્યા, સાંભળજો. જુઓ ખેતર વચ્ચે કોઇ માણસ ઊભો છે. એ જાય ત્યાં સુધી આપણે રોકાઇ જઇએ.'

અને એ બધાં પંખી પાસેના એક ઝાડની ઘટામાં પેસી જઇ ખેતરમાં લસલસતાં ડૂંડાંઓ તરફ લોલુપ નજર માંડી બેઠાં. વારંવાર એમની આંખ ખેતર વચ્ચે ઊભેલા માણસને નીરખી લેતી હતી. ભૂતકાળમાં અર્જુન નામના એક માણસે ઝાડ પરના એક પક્ષી તરફ લક્ષ્યવેધી મીટ માંડી હતી, આજ એવી જ નજરે પક્ષીઓ એ માણસને જોઇ રહ્યાં હતાં.

ખાસ્સી વાર થઇ. પણ પેલો માણસ ન તો ત્યાંથી ખસ્યો કે ન કંઇ હલનચલન કરી. હતો તેમ જ અને હતો ત્યાં એમનો એમ જ સ્થિર ઊભો હતો. અંતે અધીરા બનેલા એક યુવાન પક્ષીએ હિંમત કરી. સાવધાનીથી એ પેલા માણસની નજીક સર્યો. પણ પેલા માણસે જાણે કે તેના તરફ કંઇ લક્ષ જ ન આપ્યું. વધુ નજીક જઇ તેણે જોયું તો માણસ કંઇક જુદો જ લાગતો હતો. ન તો તેણે તેનો હાથ હલાવ્યો કે ન તો માથું ફેરવ્યું. એ માણસ હતો જ નહિ, માત્ર તેનો આભાસ હતો. માણસ જાત જેને 'ચાડિયો' કહે છે તે જ આ હશે કદાચ.

બધાં પક્ષીઓનો ભય ખંખેરાઇ ગયો. ખેતરમાં કોઇ રખેવાળ હતો નહિ. હતો આ કેવળ ચાડિયો જ. હવે તો કેટલાંક પક્ષીઓ હિંમત કરી તેના હાથ-માથા ઉપર ચાંચ મારીને ગેલ પણ કરવા લાગ્યાં. મોકળા મને એમણે બેધડક બની બાજરાના કૂણાકૂણા દૂધિયા દાણાની મોજ ઉડાવી. પછી તો એમનો એ રોજિંદો ક્રમ બની ગયો.

પંખીઓ રોજ ડૂંડાં ડોલી જતાં જાણી એક દિવસ ખેતરના માલિકે જાતે જ રખેવાળી કરવાનું વિચાર્યું, અને પંખીઓને છેતરવા પોતે જ ચાડિયાને સ્થાને ગોઠવાઇ ગયો.

બપોરે એના માટે ભાત લઈ આવેલી એની પત્નીની બૂમાબૂમ સાંભળી આસપાસથી દોડી આવેલા લોકોએ જોયું કે આખા શરીરે પંખીઓની ચાંચથી ઘવાઇને પેલો ખેડૂત ભોંય પર પડયો કણસતો હતો, અને પંખીઓ લહેરથી બાજરાના લીલાછમ દાણા ટચકાવતાં હતાં. □

રૂપસંહિતા ચિત્રકાર વાસુદેવ સ્માર્ત સંપાદિત ૨૦૦૦ ભારતીય અલંકરણોના સમૃદ્ધ રૂપકલા-કોષની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ. કિં. રૂ. ૨૦૦ (+ ૫-૫૦ રજિ. પો.ના). લખો : કુમાર કાર્યાલય લિ., રાયપુર ચકલા, અમદાવાદ-૧.

બ્રિજ અને શતરંજ

—સુરેશ મોદી—

આ વખતથી આપણે પૂરાં બાવન પાનાંવાળી સ્થિતિ દર્શાવતા કોયડા જોઇશું. આ પ્રકારના કોયડાની શરૂઆત અમેરિકાના સીડની લેન્ઝના રચેલા એક જૂના અને જાણીતા કોયડાથી કરીશું. આવા કોયડામાં કૉલ હમેશાં દક્ષિણનો હોય છે.

S 5
H 8 5
D A K 7
C A K 8 5 4 3 2

S K 10 J 4	ઉત્તર	S 8 6 4 3 2
H 9	પશ્ચિમ પૂર્વ	H Q 7 6 2
D Q 10 8 3	દક્ષિણ	D J 6 2
C Q J 10 9 7		C 6

S A Q J 9
H A K J 10 4 3
D 9 5 4
C —

કૉલ : 7H. ઊતર : CQ.

કોયડો : ઉત્તર–દક્ષિણ ૧૩ હાથ કરીને કૉલ પૂરો કરે.

કુલ્લીની રાણી ઉપર કાળીના એકાનો હાથ લઇ તેના પર દક્ષિણ ચોકટનો ચોકો ફેંકે છે. હવે તે ઉત્તરનો કુલ્લીનો રાજા ઊતરે છે. તેની ઉપર પૂર્વ શું ફેંકે તેના પર આગળની રમતનો આધાર છે. પૂર્વ પાસે ત્રણ વિકલ્પ છે—

૧) કુલ્લીના રાજાને કાપે–દક્ષિણ માટે આ સૌથી સરળ વિકલ્પ છે. તે ભારેથી કાપી કાળીના એકાનો હાથ લઇને કાળીની ઊતર ચાલુ રાખે, પશ્ચિમના રાજાને કાપીને હુકમ ઊતરે, પૂર્વની રાણીને finesse-માં સપડાવી હુકમ પડાવીને બધા હાથ મેળવે. ઉત્તર-દક્ષિણને કાળીમાં ત્રણ, હુકમમાં દક્ષિણના છ, અને ઉત્તરના હાથમાં કાળી કાપીને એક, એમ કુલ સાત, ચોકટમાં બે અને કુલ્લીમાં એક એમ બધા મળી ૧૩ હાથ મેળવે છે.

૨) પૂર્વ કુલ્લીના રાજા ઉપર ચોકટ ફેંકે, દક્ષિણ તેના ઉપર કાળી ફેંકે, હુકમમાં finesse લઇ, ચોકટના એકાથી ઉત્તરના હાથમાં ઊતર આપી ફરી હુકમમાં finesse કરે છે. અને પછી હુકમ ઊતરવાનું ચાલુ રાખે છે. તેના હાથમાં જ્યારે એક જ હુકમ બાકી રહે ત્યારે બધાની પાસે નીચે પ્રમાણે પાંચપાંચ પાનાં હશે :

ઉત્તર : S 5, H —, D K 7, C 8 5.
પૂર્વ : S 8 6 4 3, H —, D J, C —.
દક્ષિણ : S A Q J, H 3, D 9, C —.
પશ્ચિમ : S K 10, H —, D Q 10, C J.


દક્ષિણ જ્યારે પોતાનો છેલ્લો હુકમ ઊતરે ત્યારે પશ્ચિમ મુશ્કેલીમાં મુકાઇ જાય છે. તે કાળી ફેંકે તો દક્ષિણને કાળીના ત્રણ હાથ મળે અને કૉલ પૂરો થાય. તે કુલ્લી ફેંકે તો ઉત્તરને કુલ્લીમાં બે હાથ વધારાના મળતાં કૉલ પૂરો થાય. માટે પશ્ચિમ ચોકટ ફેંકે, અને તેના ઉપર ઉત્તર-ના હાથમાંથી કુલ્લીનું પાનું ફેંકે. ચોકટના રાજાનો હાથ લઇને ચોકટના છેલ્લા પત્તાનો હાથ લે તેના પર ફરી પશ્ચિમ squeeze થાય. હવે તે કાળી ફેંકે તો દક્ષિણને કાળીમાં અને કુલ્લી ફેંકે તો ઉત્તરને કુલ્લીમાં વધારાનો હાથ મળે અને એ રીતે કૉલ પૂરો થાય.

૩) પૂર્વ કુલ્લીના રાજા પર કાળી ફેંકે. દક્ષિણ પોતાના સાથીના રાજાને કાપે! કાળીના એકાનો હાથ લઇને પૂર્વના રાજાને કાપી હુકમમાં finesse કરે. પછી કાળીમાં બે વધુ હાથ લઇ, ચોકટથી ઉત્તરને ઊતર આપી, કુલ્લીને કાપે છે (પૂર્વ તેના પર ચોકટ જ ફેંકે). પછી દક્ષિણ છેલ્લી ચોકટથી ઉત્તરને ફરી ઊતર આપે છે. હવે પૂર્વના Q 7 6 ઉપર દક્ષિણના A K J હોવાથી તે છેલ્લા ત્રણેય હાથ મેળવી કૉલ પૂરો કરે છે.

આ જૂના અને જાણીતા કોયડામાં ત્રણે વિકલ્પમાં જુદીજુદી રીતે વધારાના હાથ મેળવાય છે, એ તેનું અનોખું આકર્ષણ છે. □

આ વખતે આપણે એક ટૂંકું પણ બહુ જ આકર્ષક મ્હાતવાળું સુંદર કૉમ્બિનેશન જોઇએ. ગયા વર્ષે જ આ રમત રમાઇ હતી.

P. Wells



Agdestein

કાળાએ રમવાનું

1 ..., Q×Pch! વજીરનો આશ્ચર્યકારક ભોગ!
2. K×Q. વજીરનો ભોગ સ્વીકારવા સિવાય કોઈ ઉપાય નથી.
2 ..., B–K5ch; 3 K–B1. ફરજિયાત.
3 ..., N×P મ્હાત!!

સફેદનાં બધાં જ મ્હોરાં બોર્ડ પર છે. રાજાની રક્ષા માટે તેની આજુબાજુ પણ મહોરાં છે. છતાં કાળાનાં બે નાનાં મહોરાં–ઊંટ અને ઘોડો સફેદને મ્હાત કરે છે.

આરંભની સ્થિતિમાં બંને ખેલાડી પાસે સરખાં મહોરાં છે, અને સ્થિતિમાં કોઇ દેખીતી નબળાઇ પણ નથી લાગતી. આવી સ્થિતિમાં આવું સુંદર, ટૂંકું અને સચોટ કૉમ્બિનેશન શોધવું બહુ મુશ્કેલ છે, પણ એક વખત મળ્યા પછી આશ્ચર્ય અને આનંદ આપે છે. આવી વિસ્મયકારક પરિસ્થિતિને લીધે જ શતરંજ સદીઓથી લોકપ્રિય રમત રહી છે. □

ચરિત્ર-નિબંધ

સવલી

—'આનંદશર્મન'—

'તારું નામ શું ?' મેં પૂછ્યું

'.........' સામે માત્ર હાસ્ય.

'સાહેબ તારા વિશે લખવાના.' મહેન્દ્રે કહ્યું.

'.........' તો ય હાસ્ય જ.

'કે'ને.' મહેન્દ્રે ફરી કહ્યું, અને મારા તરફ ફરીને બોલ્યો : 'કેવું હસે છે ? કાયમ હસવાનું જ. બોલવા કરતાં હસવાનું વધારે.'

'તારા ધણીનું નામ ?'

'.........' પુનઃ હાસ્ય.

'છબલો.' મહેન્દ્રે કહ્યું

'ના...ના...' એમ કહેતાં એ હસતીહસતી બોલી : 'આ તો જો.'

'છબલો કોણ છે ?' મેં પૂછ્યું.

'મારો દિયર.'

'ધણીનું નામ કે' ને ?'

'વેલકો.' એણે શરમાતાં-શરમાતાં કહ્યું. બોલેલી એવું કે ન સમજાય.

'અને તારું નામ ?'

'ઈ તો ખબર છે.'

'કોને ?' 'આ શેઠને.'

'મને ક્યાં ખબર છે ?'

'સવલી.' વળી હસી પડી.

'આ કોણ છે ?'

'મારી છોડી.' 'નામ ?'

'જાડી.' 'જાડી ?'

'નામ તો મંજુડી છે, પણ જાડી છે તે જાડી કહીએ છે.'

'અને આ ?'

'ક્રિશન ટણી. મારો દીકરો છે.' ઊંચાઈ નહીં તેથી ટણી કહે. ગરીબ માણસ પણ બાળકને લાડ કરતાં હોય છે, ધનથી નહીં તો મનથી. સર્વસ્વ જાડી અને ટણી છે. સાધારણ ઊંચાઈ, પાતળી કાયા, બોખું મોં-મોટેભાગે છીંકણી ભરેલું, મેલો સાડલો, અસ્તવ્યસ્ત વાળ ને ઘઉંવર્ણું શરીર ધરાવતી સવલી આમ તો ખાસ મોટી નથી, પરંતુ સમયે તેને મોટી કરી દીધી છે. કાયમ ગોલવાડી દરવાજાની અંદર મહેન્દ્રની દુકાન આગળ ફૂટપાથ ઉપર દાતણ લઇને સવલી બેઠી હોય છે. એને દાંત નથી, પણ ગામમાં જેને દાંત છે તે મજબૂત રાખવા એ દાતણ વેચે છે. નાતે વાઘરી. દિયરવટું કરવાનો કે નાતરે જવાનો રિવાજ ખરો. પણ સવલીએ બેમાંથી એક પણ સ્વીકાર્યું નથી. સાચે દિયર ખરો પણ દિયર રૂપે જ. પતિના મૃત્યુ પછી વૈધવ્ય પાળ્યું. આજે પણ એ વિધવા રૂપે જ જીવે છે. એનો પતિ વેલકો ક્ષયમાં મૃત્યુ પામેલો. મેં પૂછ્યું : 'શું થયું'તું તારા ધણીને ?'

'ખય રોગ.' 'દારૂ પીતો હશે.'

'હા. ઈ તો પીવે. અમારી નાતમાં સહુ પીવે છે. ઈ એકલો નો'તો પીતો.' સવલીનો બચાવ હતો. પોતાનો પતિ દારૂ પીવે છે તેનો અફસોસ નહોતો, પરંતુ તે જ દારૂ પીએ છે એવું નથી. પતિની ઍબનો સ્વીકાર છતાં ય ઍબની નાનપ નહિ. હિંદુ સમાજની સ્ત્રી કાયમ પતિને પોતાનાથી અધિકો જ માનતી આવી છે. સવલીને પતિના વ્યસનનો કોઈ વિરોધ નહિ.

'પણ એ દારૂથી તો ખય રોગ થયેલો.'

'ઈમ ?' તેનું આશ્ચર્ય હતું.

'હા, ઈમ.'

'બળ્યું. તમે અગાઉ મળ્યા હોત તો.'

'તો ?'

'તો વેલકાને સમજાવત ને ?' આ બોલતી વખતે સવલીના ચહેરા પરનું પેલું સદાયનું હાસ્ય ક્યાંક અલોપ થઈ ગયું. હાસ્યને સ્થાને ઘડીભર વિષાદની છાયા–ભર તડકે આછી વાદળીની છાયાની જેમ પથરાઈ ગઈ. આજે પણ ક્યારેક રસ્તા ઉપર હસતી જોઉં છું ત્યારે પેલી વિષાદછાયા ઘડીક ઝબકી જાય છે. સવલીનું સાવ અનેરું રૂપ તેટલી ઘડી અનુભવી શકેલો તે તો આજે ક્યાં શોધવું ?

સવલીનો ધંધો દાતણ વેચવાનો. એને બે પ્રકારના ઘરાકો છે. સંધ્યાકાળ સુધી એ ફુટપાથ ઉપર બેસીને પૈસાથી દાતણ વેચે, અને પછી મહોલ્લામાં વાળુના બદલે આપે. વિનિમયનો વેપાર. એ વાળુ એમનું રાત્રિભોજન. ભોજન પછી બીડી પીવાની અને બીડી પીતાં-પીતાં સીધાં જ સિનેમાએ પહોંચવાનું. ગમે તે પિક્ચર હોય, જોવાનું તે જોવાનું. ત્રણસો ને સાઠે દિવસનો એ નિયમ. રાતના ત્રીજા શોમાં પિક્ચર જોવાનું જ, અને તે ય રાજા ક્લાસમાં. ગમે તેવું હાઉસ ફૂલ હોય પણ સવલીની ટિકિટ રિઝર્વ. કોઇકે કહ્યું છે કે મનોરંજન માણસના દુ:ખને ઓછું કરે છે. આમ તો સવલી દુ:ખી નથી લાગતી, પરંતુ દુ:ખને ક્યાં રંગ છે ? ક્યાં આકાર છે ? રંગ-આકાર વગરના દુ:ખને ભૂલવા જ સવલી પિક્ચર જોતી હશે ? મેં એને પૂછ્યું :

'પિક્ચરમાં સરસ મકાન, ટેબલ-ખુરશી ઉપર જમવાનું અને ટી. વી.-ટેપરેકૉર્ડર હોય છે તે જોઇને તને કંઈ થાય નહિ ?'

'ના.'

'તને નથી લાગતું કે મારે એવું ઘર હોય ?'

'લાગે. પણ થોડું થાવાનું છે ?'

'કેમ નથી થવાનું ?'

'ખૂબ પૈસા જોઇએ.'

'ટણીને ભણાવ. એ ખૂબ પૈસા કમાશે.'

'અત્યારથી ભણતો નથી. શું કમાશે?'

'ભણાવને.'

'ભણતર ચઢતું નથી.' સવલીનો અવાજ સહેજ ઢીલો પડી ગયો. જાણે કોઈક સ્વપ્નું તૂટી ગયું ! સ્વપ્નાં સવલીનાં છે, સવલી સ્વપ્નાંની છે. આ કારમી મોંઘવારીના કાળમાં સિવાય સ્વપ્નાં માણસ બીજું રાખી પણ શું શકે ? ઘણી વાર તો લાગે છે કે ઈશ્વરે સ્વપ્નનું સર્જન ન કર્યું હોત તો માણસજાતનું શું થાત ? જીવવું એ પણ એક બહાનું છે. સવલી આવા કોઈ બહાનાના સહારે જ જીવે છે.

સવલીનું ઘર ટેચકી પાસે છે. દર ચોમાસે પાણી ભરાઈ જાય છે. પાસે જ રેલવે સ્ટેશન છે. પાણી ભરાતાં સવલી સકુટુંબ રેલવે સ્ટેશન પર નિવાસસ્થાન બનાવે છે. પાણી ઊતરે ત્યારે હતા ત્યાં ને ત્યાં. એની જરૂરિયાત થોડી અને ચિંતા પણ થોડી જ. આજ મળ્યું તે ભોગવ્યું. એને કાલની ફિકર નથી.

સવલીના મહિનાના બાંધેલા ઘરાકો છે. દાતણનો ભાવ ગમે તે હોય ઘરાકને બાંધેલા ભાવે જ આપેવાનાં. જરાય બેઈમાની નહિ. વચ્ચે જરૂર હોય તો અગાઉથી પૈસા લઈ લે. વાઘરીની નાત આજે પણ એના નિયમોમાં જીવે છે. છોકરીના લગ્નમાં સામેથી પૈસા લેવાના, આથી વાઘરીઓ છોકરા કરતાં છોકરી વધુ પસંદ કરે. સવલીને તો બંને પાસાં સરખાં છે. એક હાથે લેવાનું તો બીજા હાથે દેવાનું.

વર્ષોથી ફૂટપાથ પર દાતણ વેચતી સવલીને આજુબાજુના દુકાનદારોની કોઈ ફરિયાદ નથી, ત્યાં પોલીસની કનડગત પણ અનુભવી નથી. સવલીની ફરિયાદ માત્ર ઉપરવાળા ઈશ્વર તરફ છે. એણે એના વેલકાને વહેલો બોલાવી લીધો. વેલકાની પાછળ એણે નાત જમાડી પણ નાતરે ન ગઈ. નીચલા વરણમાં જન્મેલી સવલીના વિચારો નીચા નથી. સમાજ આવી સવલીઓથી આચ્છાદિત છે.

સવલી તદ્દન સરળ છે. એની સરળતા હાસ્યથી છતી થાય છે. હાસ્ય મોં પર સદૈવ પથરાયેલું રહે છે. જ્યાં સુધી હાસ્ય એની પાસે છે ત્યાં સુધી સવલી સુખી છે. તદ્દન અશ્રદ્ધાળુ હોવા છતાં ક્યારેક હું ઇશ્વરને ભજી લઉં છું કે સવલીનું હાસ્ય સલામત રાખજે. ઈશ્વર અશ્રદ્ધાળુની પ્રાર્થના વહેલી સાંભળે છે ! સાંભળે જ ને ! કદાચ એની ટોળકીમાં એક માણસ ઉમેરાય ! □

એક કલાપ્રેમી ભદ્ર પરિવાર

—રૂબિન ડેવિડ—

પ્રકૃતિમાં વનસ્પતિનું પોતાનું આગવું સંપૂર્ણ સુંદર સ્વરૂપ તો છે જ, પરંતુ તેનો કોઈ પણ ભાગ લઇને, તેમાં કંઈ પણ ફેરફાર કર્યા વિના ચાતુરીપૂર્વક તેને શોભન વગેરેમાં પ્રયોજ્યો હોય તો તે અંશ પણ એક આગવી કલાકૃતિ બની રહે છે. આવા અંશને પારખીને આ રીતે કલાકૃતિનું રૂપ આપનાર દષ્ટિવંત કલાકારો ઓછા છે, અને તેમાંથી યે બહુ ઓછા જાહેરમાં આવ્યા છે.

આવા એક અનોખા પરિવારનો પરિચય પામ્યાનું મને ગૌરવ છે. માથેરાનમાં વસેલા શ્રી ચુનીભાઈ કાપડિયા, એમનાં પત્ની સૌ. વસંતબેન અને એમનાં પુત્રી મિત્સુબેને એક સરખા પ્રકૃતિપ્રેમ દ્વારા એકબીજાના પૂરક બનીને બહુ સુંદર કલાસર્જન કર્યાં છે.

મુંબઇની ઊંચી ઇમારતોના જંગલમાં ધાંધાટિયા વાતાવરણ વચ્ચે વસવા છતાં પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધી વનફૂલોની સુવાસ માણતાં રહેવું, અને સૂકાં વૃક્ષો તથા ભાંગી પડેલી ડાળના આકારવૈવિધ્યને અભિનવ દષ્ટિથી નીરખતાં રહીને વનની પ્રાકૃતિક તાજગીને જીવનમાં ઉતારવાની દષ્ટિથી શહેરી સુખ-સગવડો છોડી વનરાજી વચ્ચે જઇ રહેવું એ આજકાલ કદાચ બહુ મોટી વાત છે.

પ્રકૃતિના જ એક મૂર્તિમંત સ્વરૂપ સરખાં ઊંચાં, પાતળાં, ગૌરવર્ણાં, મૃદુભાષી મિત્સુબેનનું નામ જાપાની જેવું લાગે છે, પણ તળ સૌરાષ્ટ્રમાંથી આવેલા અને વ્યાપાર-ઉદ્યોગને વરેલા બહુશ્રુત પિતા તથા વિદુષી માતાનાં એ પુત્રી છે. મુંબઈમાં સ્થાયી થયા છતાં કુદરતની હૂંફ પામવા ચુનીભાઇએ માથેરાનની રમણીય ટેકરીઓમાં અવારનવાર જઇને રહેવા માટે એક નાનો આવાસ બનાવ્યો છે, અને વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધા પછી તો ચોમાસાના ભારે વરસાદના દિવસો સિવાય એમણે સપત્ની ત્યાં કુદરતની વચ્ચે જ રહે છે

આમે યે ચુનીભાઇને પશુ-પક્ષીઓ માટે ઘણો પ્રેમ. જંગલોમાં લટાર મારતાં જોવા મળતાં ભાંગેલાં ડાળ-ડાંખળાંના આકારમાં યે એમને પક્ષીપ્રાણી દેખાય. એવાં ડાળડાંખળાં અને વૃક્ષનાં ભોથાં એ ઘેર ઉપાડી લાવે અને પછી પુત્રી મિત્સુબેનનો સાથ લઇને એ ડાળથડિયાં પર કવચિત્ કયાંક થોડી કાટછાંટ કરીને કોઈ એક પંખીપ્રાણીનો આકાર સ્પષ્ટ કરી તેને અનુરૂપ બેઠક બનાવી તેના પર ગોઠવી દે. એમનો તો આ એક વ્યાસંગ જ. એટલે ધીરે-ધીરે એવાં પ્રાકૃતિક શિલ્પોની સંખ્યા વધતી જઈ એક અનોખો સંગ્રહ ઊભો થઈ ગયો. 'ઝૂ ઈન વૂડ' નામથી એમણે પોતાના ઘરની આસપાસ એનું એક કાયમી પ્રદર્શન ગોઠવ્યું અને જાહેર જનતાને માટે પણ એ ખુલ્લું રાખ્યું. માથેરાન આવતાં સહેલાણીઓ અને ખાસ તો બાળકોને માટે એ એક જબરું આકર્ષણ બની રહ્યું. ઊંડી માનવતા અને અપાર ઉદારતાથી પરિપૂર્ણ વ્યક્તિ, કોઇને યે આભાર કે ઉપકારના ભાર તળે આવવા દીધા વિના સમાજને માટે કંઈ ને કંઈ કરી છૂટે છે જ.




એના હૃદયમાં સૌ કોઇને માટે કરુણા વહેતી હોય છે, અને તેનો સ્રોત એકાએક નહિ પરંતુ જીવનભરની તપસ્યામાંથી પ્રકટતો હોય છે. ચુનિભાઈ એક આવી વ્યક્તિ છે.

ચુનીભાઇ અને વસંતબેન બંને ગર્ભશ્રીમંત પરિવારનાં સંતાનો. ભાવનગર પરગણામાં જે ઘરોમાં સૌપ્રથમ વીજળી આવી હતી એવા જૈન કુટુંબોની અપાર સમૃદ્ધિ વચ્ચે એમનો ઉછેર થએલો. કિશોરાવસ્થાનો ઊંબરો વળોટતાં ગાઢ પરિચયમાં પ્રીતના અંકુરો કયારે કોળ્યા તેની જાણ પણ ન થઈ, અને એક દિવસ બંનેનાં વડીલોએ જાણ્યું કે એ બંને લગ્નગ્રંથિથી જોડાઇ ગયાં છે. ગાંધીજી, નરોત્તમદાસ ભાણજી ને કુંવરજી આણંદજી જેવા મહાનુભાવોનાં સાન્નિધ્યમાં રહેતાં એ કુટુંબોની હરીભરી વાડીમાંથી પ્રકૃતિઘેલાં આ બે જણનો પગ ઉખડી ગયો. પણ અછત કે દારિદ્રનો જેમને કોઇ જ અનુભવ નહોતો તેવાં આ બંનેએ બાવડાંના બળે બાદશાહી ઊભી કરવા પુરુષાર્થ આદર્યો.


ચુનીભાઈના જીવનમાં વસંતબેનનું આગમન 'વસંત' જેવું જ બની રહ્યું. ચુનીભાઇથી એ પંદર વર્ષ નાનાં. પણ એમણે પતિના સુખદુ:ખમાં સાથ આપી પોતાના સંસારને ધન્ય બનાવ્યો. દાયકાઓ પહેલાંના એ જમાનામાં યે તેઓ સાઈકલ અને મોટર ચલાવી જાણતાં એટલું જ નહિ, ચુનીભાઈની સાથોસાથ વિમાન ચલાવતાં શીખીને એમણે પાયલોટ માટેનો પરવાનો પણ મેળવ્યો હતો. તરવામાં અને ઘોડેસવારીમાં પણ એ નિષ્ણાત.


સ્વાતંત્ર્યની લડતોમાં યે એ બંનેએ ઝંપલાવેલું અને કૃપલાનીજી જેવા મહાનુભાવો સાથે યે રહેલાં. વસંતબેનનું અંગ્રેજી પણ ભલભલા ગોરા અમલદારોને દંગ કરી દે તેવું. પણ આ બધી ક્ષમતા ઉપરાંત એક આદર્શ ગૃહિણી તરીકે એમણે ચુનીભાઈના ઘર અને જીવનમાં વસંત ફેલાવી દઇને પોતાનું નામ સાર્થ કર્યું છે. ભદ્રતાના બધા સદ્ગુણો એમનાં સંતાનોમાં પણ એમણે ઉતાર્યા છે.







શ્રીમતી મિત્સુબહેનની બે પુષ્પરચનાઓ










ચુનીભાઈએ સૂકાં ડાળખાંમાંથી સર્જેલાં સેંકડો પક્ષી-પ્રાણીમાંનાં થોડાં.














સ્વમાન, સમર્પણ, વાત્સલ્ય અને પ્રકૃતિ-પ્રેમની ભાવનાઓ ઉપરાંત ચુનીભાઈમાં શિસ્ત માટે પણ એટલો જ આગ્રહ છે. પોતાની પુત્રીઓ – રાહતબેન, મિત્સુબેન અને વીણા-બેનને એમણે માથે ઘડો લઇને પાણી ભરવા જવાની યે ટેવ પાડી છે. ધન-સંપત્તિ એમને દબાવી ન દે એની એમણે એટલી જ કાળજી રાખી છે. માથેરાનનો એમનો આવાસ આત્મીય મિત્રોનું મિલન-સ્થાન છે. અહીં ગુરુદયાલ મલ્લિકજી, મુનશીજી, દેવકરણ નાનજી, વાલચંદ હીરાચંદ કે તૈયબજી જેવા મહાનુભાવો પણ આવી ગયા છે, અને પ્રકૃતિ-પ્રેમી મિત્રો તો ખરા જ.

વીસેક વર્ષ પહેલાં મારાં પત્ની સેરા અને પુત્રી એસ્થર સાથે એમના આ નિવાસસ્થાને જવાનું થએલું. બહુ ઉમળકાથી અમને આ-વકારી એ દંપતીએ ઊલટભેર અમને પોતાનું કામ બતાવેલું. વૃક્ષોનાં ડાળથડિયાંને બને તેટલાં અકબંધ રાખી તેના આકારને શિલ્પરૂપ આપવાનો મારો એક શૉખ એ જોયા પછી પુનઃ અંકુરિત થઈ વેગ પામ્યો. એના કેફમાં પછી તો મેં એવાં અનેક શિલ્પ કર્યાં, અને તે બુડાપેસ્ટમાં 'એક્સ્પો-૭૨'માં પ્રદર્શિત થઈ પ્રશંસા પણ પામેલાં.

આવાં સમાન રસથી અમારી સંગત જામી. કાર્યક્રમ તો વધુ દિવસો રોકાવાનો હતો, પણ ચોથા જ દિવસે પંડિત જવાહરલાલજીના અવસાનના સમાચાર આવ્યા. ચુનીભાઈ અને વસંતબેન પાસે તો સ્વાતંત્ર્યસંગ્રામ વખત-નાં એમનાં અનેક સંસ્મરણો હતાં, મારી દશા પણ કંઈક એમના જેવી જ હતી. મન ઊઠી ગયું અને માથેરાનથી અમે ચુનીભાઈ-ની રજા લઈ અમદાવાદ આવતાં રહ્યાં. એ પછી માથેરાન જવાનું તો બન્યું નથી, પરંતુ મુંબઈ જવાનું થાય ત્યારે પ્રથમ એમને મળવાનું અચૂક ગોઠવાય જ.

આજે તો તેઓ ૮૬ વર્ષની વયે પહોંચ્યા છે. વધુ શ્રમ વેઠી શકાય તેમ ન હોઈ (અનુ.પૃ.૨૦૩)

સાહિત્યસંપર્ક

જે. બી. પ્રીસ્ટલી, સ્વર્ગસ્થ



સુખ્યાત અંગ્રેજી સાહિત્યકાર જે. બી. પ્રીસ્ટલીનું ગઈ ૧૬મી ઑગસ્ટે ૮૯ વર્ષે અવસાન થયું. સર વિન્સ્ટન ચર્ચિલના આ સમકાલીન કવિ-લેખક માત્ર ઇંગ્લૅન્ડમાં જ નહિ, પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. આ ચુસ્ત અંગ્રેજે નવલકથા, કાવ્ય, વાર્તા ને વિવેચનના ક્ષેત્રે અર્ધી સદીથી યે વધુ વર્ષો સુધી અંગ્રેજી સાહિત્યમાં પ્રદાન કર્યું છે.

એમનો જન્મ એક સામાન્ય શિક્ષકના કુટુમ્બમાં યૉર્કશાયરમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પણ એમણે ત્યાં જ લીધેલું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ડ્યુક ઑફ વેલિંગ્ટનની રેજિમેન્ટમાં સેવા આપી. ત્યાર બાદ તેમણે કૅમ્બ્રિજમાં અભ્યાસ કરવા સાથે 'ન્યૂ સ્ટેટ્સમૅન', 'યૉર્કશાયર ઑબ્ઝરવર', 'મોર્નિંગ પોસ્ટ' ઉપરાંત, લંડનના અન્ય સાહિત્યિક સામયિકોમાં સેવા આપી. આ રીતે વીસમી સદીના ત્રીજા દાયકામાં તેમની સાહિત્ય યાત્રાએ ધીરેધીરે વેગ પકડ્યો હતો.

'ઍડમ્ ઇન મુન-શાઇન' (૧૯૨૭) એમની સર્વ પ્રથમ નવલકથા હતી. તેનું કથાવસ્તુ એક સામાન્ય પરિકથા જેવું હતું, ચાર્લ્સ ડિકન્સના 'પિકવિક પેપર્સ' પછી સૌથી લાંબી કથા 'ધ ગુડ કમ્પેનિયન્સ' (૧૯૨૯) એમણે લખી. તેનાં પાત્રો જેસ ઑકરોયડ, સુસી, મિસ ટ્રૅન્ટ, ઇનિગો ને જૉલી ફૅટના રોમાંચક અનુભવોની તેમાં સુંદર રજૂઆત છે. એમાં એક મંડળીનાં, ટીખળ-તોફાનમાં મસ્ત રહેતાં. નાનાંમોટાં બધાં સભ્યોનાં વિવિધ સ્થળોનાં કડવાં-મીઠાં સંસ્મરણોની ઘટના ને પ્રસંગોની રુચિકર ગૂંથણીને નાટ્યાત્મક રીતે રજૂ કરી છે. એમના ગદ્યમાં વિનોદ વૃત્તિનો સેતુ વાચકવર્ગને લેખક સાથે પળવારમાં જોડી દે છે.

આ સદીના ત્રીજા દસકાના અંતમાં 'બી. બી.સી.' પરથી એમણે વાર્તાલાપ આપવાનું શરૂ કર્યું; ને ત્યારથી સમગ્ર આંગ્લ સમાજને એમના અવાજની ભારે જાદુઇ અસર થઇ, અને ધીરેધીરે એમની લાક્ષણિક છટાનો પરિચય થયો. આ અરસામાં તેમણે 'ધ ગુડ કમ્પેનિયન્સ'નું નાટ્યાંતર પણ કર્યું. નાટ્યક્ષેત્રે તેમની અભિરુચિ પણ સવિશેષ હતી. એમણે મોલિયર અને ગટે જેવા નાટ્યકારો તથા 'ડૉન ક્વિહોટે'ના સર્વેન્ટેની પ્રેરણા ને પ્રભાવની અસરતળે અસંખ્ય નાટકો લખ્યાં છે. એમાં મુખ્યત્વે 'ડેન્જરસ કોર્નર', 'ટાઇમ ઍન્ડ ધ કૉન્વેઝ', 'આઇ હેવ બીન હીયર બીફોર', 'ઍન્જલ પેવમેન્ટ', 'ધ લુમ્સ ડે' અને 'ધ ઇન્સ્પેક્ટર કૉલ્સ' ગણાવી શકાય, આ નાટકો દ્વારા સમાજનાં દૂષણોને જાકારો આપવાનો એમણે નિર્દેશ કર્યો છે, પણ એમની રજૂઆતમાં આપણને કોઇ સુધારાવાદીનો રોષ જણાતો નથી. એમની રજૂઆત તેમના સમકાલીન સમરસેટ મોમની માફક હળવાશવાળી રહી છે. એમનાં લખાણમાં ક્યાંય નિરાશા કે ઉપદેશનું તત્ત્વ જણાતું નથી.

'ધી ઇન્સ્પેક્ટર કૉલ્સ'નું કથાવસ્તુ ('ધી ઓથોરાઇઝ્ડ વર્ઝન') Book of Genesis (IV Verse 9)ના આધારે તૈયાર કરેલું છે. ધ બર્લિંગ્ઝના સભ્યો ઇવા સ્મિથની જવાબદારી લેવાનું ટાળે છે. નવયુગના માનવીને જવાબદારીમાંથી છટકી જતાં આવડે છે. કોઇ પણ સમાજમાં દંભીઓને ઓળખવા 'નિયોન સાઇન'ની આવશ્યકતા નથી. 'આપણે માનવતાનાં મૂલ્યોની માવજત ક્યારેય કરીશું ખરા ?' આ એનો સૂર છે

પ્રીસ્ટલીના 'ડીલાઇટ' અને 'પેપર્સ ફ્રૉમ લિલિપુટ'માં લલિત નિબંધકાર તરીકેનું એમનું એક વિશિષ્ટ પાસું પ્રકટ થાય છે. 'ઇંગ્લિશ હ્યુમર', 'હેઝલીટ', 'ડિકન્સ' અને 'ધ મેન ઍન્ડ ધ વેસ્ટર્ન લિટરેચર'માં એમની વિવેચનશક્તિનો પરિચય મળે છે.

પ્રીસ્ટલી જેવી બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિની ખોટ માત્ર ઇંગ્લૅન્ડને જ નહિ, પણ અંગ્રેજી ભાષાભાષી સમસ્ત વિશ્વને સાલશે. સાહિત્યક્ષેત્રે એમણે કરેલું પ્રદાન અંગ્રેજી સાહિત્ય-રસિકોના સ્મરણમાં સદાય જીવંત રહેશે.

— સુરેશ શુક્લ



'ધ ગુડ કમ્પેનિયન્સ' નવલકથા, તથા લિટરેચર ઍન્ડ વેસ્ટર્ન મૅન'માં પ્રીસ્ટલીએ આપેલા યુરોપ-અમેરિકાના સાહિત્યના ઇતિહાસથી તેમને નવલકથાકાર તથા ઉત્તમ સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠા મળેલી. પંદર વર્ષની વયે કારકુની આદરી, પહેલા વિશ્વયુદ્ધમાં ત્રણત્રણ વખત ઘાયલ થયા, યુદ્ધ પછી કૅમ્બ્રિજમાંથી અંગ્રેજી સાહિત્યની ઉપાધિ મેળવી, નોકરી કરી અને છેવટ લેખનને અપનાવ્યું ત્યારે બૅન્કમાં એમના ખાતામાં પચાસ પાઉન્ડ, ઘરમાં સગર્ભા પત્ની અને એક જૂનું ટાઈપરાઈટર હતું. પણ એ ટાઈપરાઈટર પરથી એમણે જે સર્જન કરવા માંડ્યું તેમાં નવલકથાઓ, નિબંધો અને નાટકોની હારમાળા વહેતી રહી. 'ધ ગુડ કમ્પેનિયન્સ' એમની બહુ જાણીતી નવલકથા બની. એની દસ લાખથી યે વધુ નકલો વેચાઈ. બે વાર તેના પરથી ફિલ્મો બની, અને એમણે જ કરેલા તેના રૂપાંતર પરથી તેનું નાટક પણ ભજવાતું રહ્યું. નાટકો માટે તો લંડન વિખ્યાત છે જ. ક્યારેક તો ત્યાં પ્રીસ્ટલીનાં ત્રણત્રણ નાટકો જુદાજુદા થીએટરમાં ભજવાતાં હોય એવું એ બનતું. હાઉસ ઑવ લૉર્ડ્સમાં એમને સ્થાન આપવાનો પ્રસ્તાવ પણ થએલો, જે તેમણે નકાર્યો હતો, ૧૯૭૭માં એમને 'ઑર્ડર ઑવ મેરિટ'ના માનથી નવાજવામાં આવેલા. પહેલાં બે લગ્નોથી એમને એક પુત્ર અને ચાર પુત્રીઓ છે. ત્રીજાં પત્ની જેકેટ હૉક્સ લેખિકા અને પુરાતત્ત્વવિદ્ તરીકે ખ્યાત છે. ¶ 'ધ ગુડ કમ્પેનિયન્સ' ઈ. ૧૯૨૯માં પ્રકટ થઈ હતી, પણ આજે યે એટલા જ રસથી વંચાય છે. તેમાં પ્રીસ્ટલીએ પોતાના સમકાલીન, એટલે કે ૧૯૨૦ના અરસાનાં બ્રિટિશ પાત્રોનું સરસ આલેખન કર્યું છે. ઈંગ્લૅન્ડના એ સમયના કસ્બાઓ અને ત્યાંના ગ્રામપ્રદેશનું લાક્ષણિક વર્ણન પણ આ કથાનું એક વધુકું આકર્ષણ છે. આ પશ્ચાદ્ભૂમિ પર એમણે કથાપ્રસંગોની સુંદર ગૂંથણી કરવા સાથે લગભગ અલગારી એવાં પાત્રોની માનવતાની જે રજૂઆત કરી છે તે ચાર્લ્સ ડિકન્સની કથાઓની યાદ આપે છે. આમાં યે જેસ ઑકરૉયડનું પાત્ર ખાસ ધ્યાન ખેંચે છે. અન્ય પાત્રોથી આગવા આ પાત્રની ત્યાંના ઉત્તર પ્રદેશની ગામઠી બોલી વાચકને આનંદ આપે છે. જો કે એ, ઓછું બોલે છે, પણ વિચારે છે વધુ. એક રીતે એ અમેરિકન 'યાંકી'ની ઈંગ્લિશ આવૃત્તિ જ લાગે છે. અન્ય પાત્રોની વચ્ચે એ ગામડિયો લાગવા છતાં બીજાં કરતાં વધુ બાહોશ બની રહે છે. અહીં આપેલો એ કથાનો સારાંશ રસપ્રદ બની રહેશે. —સં.

ધ ગુડ કમ્પેનિયન્સ

જેસ ઓકરૉયૂડ યૉર્કશાયરનો એક અસલ એદી અને જડ આદમી હતો. પત્નીની રોજરોજની ખણખોદ અને દીકરાનાં મેણાંટોણાંથી ત્રાસી ગએલો. એક દિવસ એ કપડાંની પોટલી બાંધી ઘર છોડીને ઈંગ્લૅન્ડ તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં એક ખટારો મળ્યો. એનો ડ્રાયવર અને તેનો મદદનીશ બંને ગઠિયા હતા. ચોરીનો માલ ભરીને તેઓ ક્યાંક જતા હતા. જેસને એમણે પોતાના ખટારામાં બેસારી દીધો. આગળ એક નાનકડા ગામની વીશીમાં તેઓ રાત રોકાયા ત્યારે જેસને ઊંઘતો છોડી એનો જે કંઇ માલસામાન હતો તે ઉઠાવી નાસી ગયા. સવારે વીશીવાળાએ જેસને જગાડ્યો ત્યારે તો એને ખબર પડી કે પોતે લૂંટાઈ ગયો હતો. ફૂટી કોડી યે હવે એની પાસે રહી નહોતી એટલે વીશીમાં કંઈ ખાધાપીધા વિના જ એ ત્યાંથી ચાલતો થયો. થોડે દૂર જતાં રસ્તામાં એણે એક ફેરિયાને પોતાની ખખડધજ ગાડીની મરામત કરતો જોયો. જેસે એને મદદ કરી અને ગાડી ચાલુ થઇ ગઈ. ઉપકારવશ ફેરિયાએ જેસને પોતાની સાથે લીધો અને નાસ્તો પણ કરાવ્યો. ફૅન્સી ફુગ્ગા વેચનારા એ ફેરિયા સાથે ત્રણેક દિવસ રહી જેસ ફરી પગપાળો ઈંગ્લૅન્ડને માર્ગે પડ્યો.

એક દિવસ આમ ટાંટિયા ઘસતો એ જતો હતો ત્યાં રસ્તા વચ્ચે ખોટકાઇ ગએલી કોઇ બાનુની એક મોટરગાડી પાસે એ આવી પહોંચ્યો. જેસે એને મદદ કરી અને ગાડી ચાલુ થઈ ગઈ. આ સ્ત્રી-મિસ ટ્રૅન્ટને પિતા તરફથી વારસામાં થોડી રકમ મળી હતી. પાંત્રીસેક વર્ષની પ્રૌઢ કન્યા જેવી એ મિસ ટ્રૅન્ટે અત્યાર સુધી તો માત્ર નવલકથાઓમાં જ વિધવિધ સાહસો વિષે વાંચ્યું હતું, પણ હવે પૈસા મળતાં એ પણ સાહસની શોધમાં ઇંગ્લૅન્ડની સફરે નીકળી પડેલી.

મોટર તો ચાલુ થઈ પણ એકાએક વરસાદ તૂટી પડયો. એટલે એ બંને જણ નજીકના એક ચાઘરમાં જઈને બેઠાં. ત્યાં એમને ઇનિગો જોલીફન્ટ નામના એક આદમીની મુલાકાત થઈ. તેની સાથે એક બીજો માણસ પણ હતો જેની પાસે બૅન્જો (એક વાજિંત્ર) હતો.

આ ઇનિગો એક શાળામાં માસ્તર હતો. પણ હેડમાસ્તરની કનડગત અને એની કર્કશા પત્નીથી એ વાજ આવી ગએલો. થોડા જ દિવસ પહેલાં પોતાની છવ્વીસમી વર્ષગાંઠ ઊજવવાની હોંશમાં એણે થોડો દારૂ પીધો અને પીઆનો વગાડ્યો એમાં તો એના ચોખલિયા હેડમાસ્તરે એને ધધડાવ્યો, અને કેફમાં ને કેફમાં ભાઇ સામાન બાંધી નોકરી મૂકીને ચાલી નીકળેલા. એક નાનકડા રેલવે સ્ટેશને પેલા બૅન્જોવાળા મૉર્ટન મિરામનો એને પરિચય થયો. મૉર્ટન વ્યવસાયી વાદક હતો. લોકોને બૅન્જો સંભળાવી એ પોતાનો રોટલો રળી લેતો.

આ ચાર જણ વાતોમાં મશગૂલ હતાં ત્યારે પેલી બાજુ ચાઘરની ચટકણી માલિકણ બાઈ કેટલાક ગ્રાહકોને બિલ અંગે તતડાવતી હતી. મૉર્ટન એ લોકોને ઓળખી ગયો. તેઓ કોઈ ગામઠી નાટકમંડળીવાળાં લાગતાં હતાં. પૂછપરછ કરતાં એમણે જણાવ્યું કે એમની મંડળીનો મૅનેજર એમનામાંની એક છોકરીને સાથે લઇને આ સૌના પૈસા ઓળવીને નાસી ગયો હતો. પરિણામે રખડી પડેલા આ લોકો પાસે બિલ ચુકવવાની પૂરી સગવડ પણ નહોતી રહી.

ફસાઇ પડેલી આ મંડળીની કથની સાંભળી એકાએક મિસ ટ્રૅન્ટને આ સૌનો સાથ લઇને એક મંડળી ઊભી કરી ગામેગામ ફરી ગીતસંગીતનું મનોરંજન પીરસવાનો વિચાર આવ્યો. વાત વહેતી મૂકી અને ત્યાં ને ત્યાં જ એ મંડળી રચાઈ ગઈ. નામ રાખ્યું 'ધ ગુડ કમ્પેનિયન્સ'. આમાં એક પીઢ ડાગલો-રંગલો એટલે કે કૉમેડિયન હતો. એક હતી સુસી ડીન, યુવાન અને ફૂટડી. રંગલી જેવા પાઠ કરવા સાથે એ બહુ અચ્છું ગાતી. જેરી જનિંગહામ સારો નર્તક હતો. ઉમરમાં કંઇક મોટું એવું એક જોડું હતું, એ દ્વંદ્વગીતો રજૂ કરતું. બીજી યે એક ગાનારી છોકરી હતી, અને બૅન્જો વગાડનાર મૉર્ટન મિરામ તો હતો જ. મિસ ટ્રૅન્ટ બની મૅનેજર. પોતાની મૂડી એ આમાં રોકવા તૈયાર હતી. ઇનિગો એનો સાથી-સહાયક બન્યો. અને મિસ ટ્રૅન્ટની ઇચ્છાથી જેસને પણ પરચૂરણ કામકાજ માટે મંડળીમાં ભેળવવામાં આવ્યો.

જ્યાં આ સૌ એકઠાં થઇ ગએલાં એ ચાઘરવાળા ગામમાં એમણે પોતાનો પહેલો ખેલ રાખ્યો. જો કે એમાં તો બહુ સારી સફળતા મળી નહિ, પણ પછી આગળ દરિયાકાંઠાની એક હોટેલમાં એમનો બીજો 'શો' સારો આવકાર પામ્યો. પછી તો જેરી જનિંગહામ અને સુસીની જોડી જામી. ઇનિગો જૉલીફન્ટ એમને તખ્તા પર ગાવા માટે નવાંનવાં ગીતો રચી આપતો અને તેનું સંગીત પણ બેસારતો. પછી તો રોજનાં રીહર્સલો, રાતે ખેલ, ગાડીની મુસાફરી અને નવાનવા ગામમાં બેત્રણ રાતના મુકામની ઘટમાળ ચાલવા લાગી.

સમય જતાં ઇનિગોના હૃદયમાં સુસી પ્રત્યે પ્રેમ પાંગર્યો. એણે એ વ્યક્ત કર્યો ત્યારે સુસીએ એને હસી કાઢતાં જણાવ્યું કે, જ્યાં સુધી લંડન જેવા મોટા શહેરમાં પોતે 'મ્યુઝિકલ કૉમિડી'ની 'સ્ટાર' ન બને ત્યાં સુધી એ પ્રેમના લફરામાં પડવા ઇચ્છતી ન હતી. મિસ ટ્રૅન્ટને તો આ નવતર અનુભવોમાં મજા આવતી હતી. દક્ષિણ ઇંગ્લૅન્ડમાં જ્યાં એના પિતા નિવૃત્ત થઇને સ્થાયી થએલા તે હિધરલૅાન ગામમાં જ એનું જીવન વીતેલું. પિતાના ત્યાંના પીઢગંભીર પરિચિત લોકો કરતાં એને આ મંડળીના સાથીદારો અને રોજ જોવા મળતા નવાનવા લોકોમાં ઘણો વધુ રસ પડતો હતો.

એક વાર મિડલૅન્ડ્સના એક લગભગ ઉજ્જડ ગામમાં તેઓ આવી ચડ્યાં. મહિનાઓથી આ ગામના ધંધામાં મંદી પ્રવર્તતી હતી. આવી નાચગાન-મંડળીમાં ત્યાંના લોકોને બહુ રસ નહોતો, અને એ જોવા જવા માટે પૈસા યે નહોતા. આવી સ્થિતિ અને ખેલના સમયે નજીવું 'ઑડિયન્સ' જોઇ 'ધ ગુડ કંપેનિયન્સ' મંડળીનો બધો ઉત્સાહ ભાંગી પડ્યો અને તેઓ તદ્દન હતાશ થઇ ગયાં. પણ મિસ ટ્રૅન્ટે આ સૌના આધારે કરેલું મૂડી-રોકાણ ડૂબી ન જાય એટલા ખાતર પણ મંડળીમાં વળગી રહેવા માટે જેસ આકરૉયૂડે સૌને મનાવ્યાં.

અંતે એમનું નસીબ ફર્યું ઇનિગોએ રચેલાં નવા ગીત-સંગીતને સારો આવકાર મળવા માંડ્યો. જો કે એનું પ્રેમપ્રકરણ ખાસ કંઇ પ્રગતિ પામ્યું નહોતું. સુસીને એ નહોતું સમજાતું કે ઇનિગો સામયિકોમાં લેખો લખવા માટે જેટલો રસ લે છે તેટલી યે ગંભીરતાથી સંગીતને કેમ નથી અપનાવતો? સબળ કવિ-સંગીતકાર બનવાને બદલે એ નબળો લેખક બનવા શા માટે મથે છે?

પછી તો મોટાં ઔદ્યોગિક ગામોમાં પણ આ મંડળીને સારી સફળતા મળવા માંડી. એમના કાર્યક્રમોમાં ઠીકઠીક પ્રેક્ષકો પણ આવતાં થવાથી મિસ ટ્રૅન્ટે રોકેલાં નાણાંનું વળતર મળવા માંડ્યું. ધીરેધીરે મંડળી ખુલ્લા મેદાનમાં તખ્તો બાંધીને ખેલ કરવાને બદલે હૉલ ભાડે રાખીને તેમાં કાર્યક્રમો આપવાની હિંમતમાં આવી ગઈ.

આ દરમિયાન એક વાર ઇનિગોને લંડન જવાનું થયું. ત્યાં એણે એક જાણીતા 'પ્રોડ્યુસર'ને પોતાનાં નવાં ગીતો બતાવ્યાં. એને એ ગમી પણ ગયાં. અને ત્યારે ઇનિગોએ સુસીને ઉચ્ચ કક્ષાની 'કૉમિડી સ્ટાર' બનાવવા શરત મૂકી કે પોતાનાં એ ગીતો તો જ આપે જો એ

પ્રોડ્યુસર એક વાર સુસીને પણ તખ્તા પર સાંભળે.

એ બધું ગોઠવાયું. 'ધ ગુડ કમ્પેનિયન્સ' મંડળીએ પહેલી જ રાતે વિશાળ પ્રેક્ષકગણ સામે પ્રયોગો રજૂ કરવા માંડ્યા. પણ સ્થાનિક સિનેમાઘરના એક અદેખા સંચાલકે ભાડૂતી ગુંડાઓનો સાથ લઈને ચાલુ ખેલે તોફાન કરાવ્યું અને હૉલમાં આગ લગાડી. ઝપાઝપીમાં પ્રોડ્યુસર પણ ઢીબાયો અને મિસ ટ્રૅન્ટને પણ ઈજાઓ થઈ. ઇનિગોનાં ગીતો અને સુસીનું ગાયન રખડી પડ્યાં. મંડળીનું ભાવિ હવે તો અંધકારમય જ લાગવા માંડયું. પણ સુધારાને માર્ગે વળેલા વકીલે હજી પલટો નહોતો માર્યો. મંડળીના કાર્યક્રમો જોઇને એક પ્રૌઢ મહિલા જેરી જર્મિંગહામ પર વારી ગઈ હતી. જેરી સાથે એ પરણી ગઈ એટલું જ નહિ, પોતાની વગ અને પોતાના પૈસા જેમ વાપરવા હોય તેમ વાપરવાની એણે જેરીને છૂટ આપી દીધી. પરિણામે આ મંડળીએ એક વધુ મોટો પ્રોડ્યુસર ખોળી કાઢ્યો. એણે ઇનિગોનું સંગીત પણ ખરીદી લીધું અને સુસીને પણ ગાવાની ખાસ તક આપી.

આમ, એક પછી એક આ મંડળીનાં સભ્યો થાળે પડવા માંડતાં આખરે 'ધ ગુડ કંપેનિયન્સ' વૃંદને સમેટી લેવામાં આવ્યું. મુખ્ય કલાકારો સિવાય બાકી જે રહ્યાં તેમને પણ આ મોટા પ્રોડ્યુસરને ત્યાં ગોઠવી દેવામાં આવ્યાં.

આ બાજુ પેલી ઝપાઝપીમાં ઈજા પામેલી મિસ ટ્રૅન્ટને પણ હૉસ્પિટલમાં અકસ્માત પોતે જેને વર્ષોથી ચાહતી હતી એ ડૉક્ટરનો ભેટો થઈ ગયો. સાજી થઈ ગયા પછી તેની સાથે લગ્ન કરવાનું એ વિચારવા લાગી દરમિયાન જેસ ઓકૉર્યડે પણ થોડી ડિટેક્ટિવગીરી કરીને પેલા થીએટરમાં જેણે તોફાન કરાવીને આગ લગાડેલી તે સિનેમા-સંચાલકને ખોળી કાઢયો. પરિણામે મિસ ટ્રૅન્ટને જે આર્થિક નુકસાની ખમવી પડેલી તે એની પાસેથી વસૂલ કરવામાં આવી.

અંતે હવે જેસ ઓકરૉયડ યૉર્કશાયરમાં પોતાને ઘેર પાછો ફર્યો. કારણ એની પત્ની ગંભીર રીતે માંદી પડ્યાનો તાર એના દીકરાએ કર્યો હતો. થોડા સમયમાં જેસની પત્ની ગુજરી ગઈ. જેસે ફરી નવી સફર ખેડવાની તૈયારી આદરી. કૅનેડામાં પરણેલી પોતાની પુત્રીને મળવાની એની ઇચ્છા હતી. અને એને લાગતું હતુ કે એના જેટલા વૃદ્ધ અને ઠરીઠામ થએલા માણસને યે ઘરથી દૂર રખડવાના આનંદની આદત પડી જાય છે ખરી. □

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૨૦૩થી ઘણી બાબતોમાંથી એમણે મન વાળી લીધું છે, પણ વસંતબેન પોતાના હોમિયોપથીના જ્ઞાનનો લાભ હજી યે પ્રસારી રહ્યાં છે. આ રસ પણ એમણે બહુ મોટી ઉમરે કેળવ્યો છે. માથેરાનમાં એક વાર એમનો પગ રહી ગયો. રામકૃષ્ણ મિશનમાં બતાવવા ગયાં અને ત્યાંથી કુદરતી સારવાર તરફ આકર્ષણ થયું. ગ્રહણશક્તિ તો અદ્ભુત હતી જ, તેમાં રસ ભળ્યો. અનેક ખ્યાતનામ ડૉક્ટરોનો સંપર્ક સાધી એમણે જ્ઞાન વધાર્યું અને હવે આસપાસનાં માંદાંસાજાં માટે એમનો સેવાયજ્ઞ ચાલે છે.

ચુનીભાઈની મોટપ નાનામાં નાના માણસને યે મહત્ત્વ આપે. એક પ્રસંગ યાદ આવે છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી સ્વ. બળવંતરાય મહેતા સાથે એમને ગાઢ મૈત્રી. એક વાર એમના નિવાસસ્થાનેથી ચુનીભાઈએ ફોન કરી મને મળવા બોલાવ્યો અને સાથે જમવાનું નિમંત્રણ પણ આપ્યું.

મારી સ્વમાન અંગેની ભાવના કંઈક વધારે આળી છે એ જણાવી મેં કહ્યુ, '...મુખ્ય મંત્રીશ્રીના નિવાસસ્થાને અનેક ચોકીપહેરા હશે, એમાં મને કોઈ રોકે ને પૂછપરછ કરે એ મને નહિ ફાવે, એટલે તમે જ મારે ત્યાં આવો, આપણે અહીં જ સાથે જમીશું.'

પોતે વધુ રોકાઈ શકે તેમ ન હોઈ મારે ત્યાં આવવાની અશક્તિ દર્શાવી એમણે મારા સ્વમાનને ઊની આંચેય નહિ આવે તેવી ખાતરી આપી જણાવેલું કે, 'તમે મારા મિત્ર, એટલે તમારું સ્વમાન એ મારું સ્વમાન છે.' બીજા દિવસે હું ગયો ત્યારે મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને મને રોકનાર કે પૂછનાર કોઈ નહોતું. રસ્તો બતાવવા એક માણસ ઊભો હતો એ મને આગળ દોરી ગયો, ને ત્યાં ચુનીભાઇ જ નહિ, ખુદ બળવંતરાયભાઈ અને એમનાં પત્ની પણ મને આવકારવા સામાં આવ્યાં હતાં. મૈત્રીનું આવું મૂલ્ય આંકનાર ચુનીભાઈની ભદ્રતાનું મને એક વધુ દર્શન થયું.

આ જ ભદ્રતા એમણે પોતાનાં સંતાનોમાં પણ રોપી છે. મિતુબેનમાં તો પિતાનો કલારસ પણ ઊતર્યો છે. અભ્યાસ તો એમણે કૉમર્સના સ્નાતક થવા સુધીનો કર્યો છે, પણ પતિ સાથે અમેરિકા ગયાં ત્યારે ત્યાં લાયબ્રેરી સાયન્સનો પણ અભ્યાસ કર્યો. ત્યાંથી પાછા ફર્યા બાદ મુંબઈમાં વસ્યાં, પણ માથેરાનનું આકર્ષણ એમને પિતાના જેટલું જ રહ્યુ છે. ત્યાં જવાનું થાય ત્યારે ત્યારે સૂકું ઘાસ, ફૂલ, ડાંખળાં અને ખાસ તો પોતાને પ્રિય એવા બિલાડીના ટોપ એકઠાં કરી લાવે. આ બધી ચીજોને એ એટલી તો સુંદર રીતે ગોઠવે કે જોનારને તેઓ જાપાનની 'ઇકેબાના'ની કળાના નિષ્ણાત લાગે. પણ હકીકતે એમણે એની કોઈ તાલીમ લીધેલી નથી. કોઈના કરતાં કંઈક જુદું જ કરવાની રઢ, એટલે એમાંથી એમની મૌલિકતા ફોળી છે. એમની એ શોભનરચનાઓમાં બિલાડીના ટોપ અનોખાં વનફૂલો જેવાં શોભી રહે છે.

ચુનીભાઈનાં બીજાં બે પુત્રીઓ — રાહતબેન અને વીણાબેન પણ અમદાવાદમાં સમૃદ્ધ પરિવારમાં હોવા છતાં સાદગીભરી રીતે જીવનને દીપાવી રહ્યાં છે. અને એ જ રીતે પુત્ર નયનકુમાર પણ માતાપિતાના સંસ્કારને ઉજાળી રહ્યા છે. સાદગી, સંસ્કાર અને કલાનો આવો સુમેળ બધે જોવા મળતો નથી. એમને યાદ કરતાં મને માત્ર એક જ વસવસો થયા કરે છે. ચુનીભાઇએ માથેરાનનાં પોતાનાં પ્રકૃતિ-શિલ્પોનો સમગ્ર સંગ્રહ મને ભેટ આપી દીધો છે, પણ વિવિધ મર્યાદાઓને કારણે હું તે હજી અમદાવાદ લાવી શક્યો નથી. પરંતુ જીવનભર પ્રેમથી સરજેલી અને જતનથી જાળવેલી એ કૃતિઓ મને આપી દેવાનો એમનો સંકલ્પ મારે માટે એક ધન્ય ઘટના છે. એમાંની કેટલીક કૃતિઓનાં જે થોડાં છબિચિત્રો મારી પાસે છે તેમાંથી કેટલાંક અહીં આપ્યાં છે. વ્યાસંગથી માણસ કેટલી ને કેવી પ્રાપ્તિ કરી શકે તેનો ખયાલ આપવા સાથે એ પ્રેરક બની રહેશે. □

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી જ્ઞાનસત્ર તા. ૧૪-૧૫ ઑક્ટોબરે યોજવાનું વિચારાયું હતું પરન્તુ દિવાળી વૅકેશનની તારીખોમાં ફેરફાર થતાં અને નિમંત્રિત સંસ્થાની અનુકૂળતાને લક્ષમાં રાખીને આ જ્ઞાનસત્ર તા. ૨૩થી ૨૫ ડિસેમ્બર દરમિયાન લોકનિકેતન-રતનપુરમાં યોજવામાં આવ્યું છે. આ જ્ઞાનસત્રમાં 'લઘુનવલ', 'સાક્ષરશ્રી બળવન્તરાય ઠાકોર (પુનઃમૂલ્યાંકન)', અને 'લોકસંપર્કના દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો તથા સાહિત્ય', એ વિશે ચર્ચા અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આશા, પાસા, અગન, જળ, ઠગ, ઠાકોર, કુ-નાર,
એતાં ન હોય આપણાં, સર્પ, સાવજ, શોનાર.

જનરલ કરીઅપ્પાના ભાઈ કુમારપ્પા ગાંધીજીને મળવા પહેલવહેલા આશ્રમમાં ગયા, ત્યાં માથે ફાળિયું બાંધી એક ડોસો વાસીદું કાઢતો હતો, તેને તેમણે ગાંધીજીને ખબર આપવાનું કહ્યું. ડોસાએ પૂછ્યું, 'કેટલા વાગ્યે મળવાનું ગાંધીજીએ રાખ્યું છે?' કુમારપ્પા ગુસ્સે થયા : 'તેનું તારે શું કામ? તું તારે જઈને ખબર આપ. મળવાનું ચાર વાગ્યે રાખ્યું છે.' ડોસો બોલ્યો, 'પણ હજી તો સાડા ત્રણ જ થયા છે.' કુમારપ્પા ફરી છંછેડાયા : 'પાછો ડાહ્યો થયો? જા, મારા કહ્યા મુજબ કર.' આથી ડોસો મૂંગોમૂંગો બીજા ખંડમાં ગયો અને થોડી વારે પાછા આવી કહ્યું, 'સાહેબ, બેસો; ગાંધીજી આપને ચાર વાગ્યે મળશે.'

કુમારપ્પા ગાદી પર બેઠા. બરાબર ચાર વાગ્યે માથેથી ફાળિયું છોડી નાખી પેલા ડોસાએ પૂછ્યું, 'બોલો સાહેબ, શું કામ છે? મને જ લોકો ગાંધી કહે છે.'

સમુદ્રની સપાટી પર ઊભેલો માણસ ક્ષિતિજમાં લગભગ ત્રણ માઈલ દૂર સુધી જોઈ શકે છે. ૨૪ ફૂટ ઊંચેથી તેની નજર ૬ માઈલ દૂર સુધી, અને ૫૪ ફૂટ ઊંચેથી ૯ માઈલ દૂર સુધી તેની નજર પહોંચે.

સપાટીથી આંખની ઊંચાઈ × ૩ ÷ ૨. જે જવાબ આવે તેનું વર્ગમૂળ કાઢો. જે આંક આવે એટલા માઈલ દૂર સુધી નજર પહોંચે.

હવે જેટલે દૂર સુધી નજર પહોંચવાનો આંક આવ્યો તેને તે જ આંક વડે ગુણો અને આવેલા જવાબને પાઈ (એટલે કે $\frac{22}{7}$, અથવા ૩-૧૪) વડે ગુણો. જે જવાબ આવે એટલા ચોરસ માઈલનો વિસ્તાર તમે જોઈ શકો છો તેમ સમજવું. આ રીતે છ ફૂટ ઊંચેથી નજર માંડતાં ચોપાસનો ૨૮.૨૬ ચો. મા.નો વિસ્તાર દેખી શકાય. અલબત્ત, આ તો નજર નાખતાં વચ્ચે કોઈ અવરોધ ન હોય તો જ આટલો વિસ્તાર દેખાય એ સમજી શકાય તેમ છે.

પૃથ્વી પરના પાણીનો માત્ર ૧-૬ ટકા જેટલો ભાગ જ પી શકાય તેવા પાણીનો છે અને તેમાંથી યે મોટો ભાગ તો ઉત્તર-દક્ષિણ ધ્રુવપ્રદેશ તથા ઊંચાં શિખરો પર બરફ રૂપે સ્થિત હોઈ ઉપયોગમાં લઈ શકાતો નથી.

મચ્છરને ૪૭ દાંત હોય છે. લોહીચૂસ મચ્છર પોતાના શરીર કરતાં બેવડા વજન સાથે ઊડી શકે છે.

સામાન્યતઃ માણસ આરામમાં હોય તો સરાસરી એક મિનિટમાં જેટલી હવા શ્વાસમાં લે તેના કરતાં, કસરત કરતી વેળા એ ૩૦ ગણી વધુ હવા લે છે.

એક બીમાર બાળકે માએ આપેલી કડવી ગોળી ખાધી જ નહિ. થોડી વાર પછી માએ તે ગોળી નાનકડા પેડાની વચ્ચે દબાવીને એ પેડો તેને ખાવા આપતાં કહ્યુ, 'લે બેટા, આ તો ખાઈ જજે, મીઠો છે.' જરા વારે પાછા આવી તેણે એ ખાધો કે નહિ તે પૂછ્યું.

'હા, મા. ખાઈ ગયો. પણ તેમાં કઠણ બી હતું તે મેં ફેંકી દીધું છે.'

અનુ.] **વાચકો લખે છે** [પૃ. ૮૫

'કુમાર'માં છપાએલી 'ધ હ્યુમેનિટી ટ્રસ્ટ'ની જા.ખ.માં અપાએલી કુરાનની એક આયત અંગે **શ્રી અહેમદભાઈ** મદારીના વિચારો વાંચી મને કાંઈક સૂઝ્યું અને તે અમારા 'સ્વસ્થ માનવ'ના ઑક્ટોબરના અંકમાં મારા પ્રથમ લેખ તરીકે છાપ્યું છે. અંક તો પોસ્ટ થતાં વાર લાગશે, દરમિયાન આપના માટે વધારાની ઑફપ્રિન્ટ કઢાવીને આ સાથે મોકલી છે...'સ્વસ્થ માનવ' પર પણ એક જૈન બહેને આવી બાબત અંગે ટીકા કરેલી આ બધું મારા લેખ 'એકબીજાને સમજીએ' (સ્વસ્થ માનવ–ઑગસ્ટ) અને આપના અંકમાં છપાએલા પત્રના સંદર્ભમાં 'તીરે ઊભા જુએ તમાશો' (સ્વ. મા.–ઑક્ટો.) એ શીર્ષક નીચે આપ્યું છે.

ટ્રસ્ટના નામ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે એમને કોઇ માલ તો વેચવાનો છે જ નહિ. એમનું વલણ તો સમગ્ર માનવ જાતને કંઇક ઉપયોગી થવાનું છે. આ માટે એમને કંઇક કહેવું છે. માનવ-માનવ વચ્ચેના પ્રેમસંબંધોમાં અણસમજ કે ગેરસમજ પ્રસરી રહી છે તેમાંથી એકબીજાને સમજવા-સમજાવવાના પ્રયત્ન રૂપે એમણે પોતાની જા.ખ.માં કુરાનની આયત મૂકી છે. જેનો અર્થ સ્પષ્ટ છે કે, 'જેઓ દિવસ-રાત ખાનગી તેમ જ જાહેર રીતે પોતાની માલ-મિલકત દાનમાં વહાવે છે તેમના પર ખુદાની મહેર વરસે છે. (આથી) ન તેઓએ કોઇથી ડરવાનું રહેશે, કે ન તેમણે કંઇ અફસોસ કરવાપણું રહેશે.'

આવા ઉત્તમ વિચારો કુરાનમાં છે, અને ઇસ્લામ આવી ભાવનાઓથી ભરેલો છે, એટલું જ નહિ, બધા બીજા ધર્મોમાં પણ આવી જ ભાવનાઓ ભરી છે.

આવાં ભાવભર્યાં ધાર્મિક લખાણોને કોઇ જ્યાંત્યાં ગમેતેમ રખડતાં મૂકે તો એ બેઅદબી ગણાય એવી **શ્રી અહેમદભાઇ**ની લાગણી સમજી શકાય છે. મને પણ મુંબઇનાં એક બહેને લખેલું : 'ધર્મનાં (જૈન ધર્મનાં) સૂત્રો કે આગમનાં વાક્યો જ્યાંત્યાં ન છપાય. જે તે વ્યક્તિ તે ન વાંચી શકે, જ્યાં ત્યાં તે ન બોલી શકાય. તમે આવાં સૂત્રો–વાક્યો 'સ્વસ્થ માનવ'માં ઘણી વાર છાપો છો એથી જૈન ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય છે. વિચારજો અને સાચું લાગે તો હવેથી તેવું નહિ છાપતા.'

જે સારું છે તે બીજાને પણ સમજાવવામાં શું ખોટું છે? સંતો અને પયગંબરો કે ધર્મધુરંધરોએ આ જ કર્યું છે. કુરાન, કલ્પસૂત્ર, ગીતા, ગ્રંથસાહેબ, બાઇબલ કે ધમ્મપદ વગેરેમાંથી અવતરણ લેવાને બદલે એ જ વાત સીધી ભાષામાં કહી દઇએ તો વાંધો ન આવે, અને અરબી, માગધી, સંસ્કૃત, હિબ્રુ કે પાલી એવી ભાષામાં ઉતારીએ એટલે તે કાર્ય અનધિકૃત ને અપવિત્ર બની જાય? એ ભાષા કે લિપિ નહિ, પણ આપણે જેને માન આપવાનું છે તે એ ભાવના છે. સંતો–પયગંબરોએ પ્રકટાવેલી ભાવના કે સત્ય તો હમેશાં ટોચ પર જ રહેશે. એનું પતન થતું જ નથી. એ વાંચીને, સાંભળીને આપણે સમજપૂર્વક જેટલું પાલન કરીએ તેટલો આપણો ધર્મ ઊંચો. બાકી ગંગાજમનામાં નાહીને કે આબે ઝમઝમથી વજૂ કરીને ધર્મગ્રંથો પર ધૂપદીપ ને ફૂલો ચડાવવાનો કંઇ અર્થ નથી.

જ્યારે ધર્મગ્રંથો માત્ર હસ્તલિખિત સ્વરૂપે જ અને અતિ મર્યાદિત સંખ્યામાં જ પ્રાપ્ય હતા ત્યારે તેનું ચીવટપૂર્વક જતન થાય છે તે સ્વાભાવિક છે, પણ આજે જ્યારે મબલખ પ્રમાણમાં એ સરળ સુલભ છે ત્યારે કોઇ તેને પસ્તીમાં કાઢી નાખતાં ન પણ ખચકાય. અને એ ગમે તેને હાથ પણ જાય ને તેનાં પાનાં ગમે તેમ વપરાય એવું યે બને. મૂળ મહત્ત્વ એ કાગળ કે છપાઈનું નહિ, તેમાં રજૂ થએલી ભાવના અને તેના પાલનનું છે. વંદન એ ભાવનાને હોય, એનો સ્પર્શ જો પામી શકાતો ન હોય તો ગ્રંથને સંઘરવા-શણગારવાનો શો અર્થ છે?

(અમદાવાદ) **—ચીનુભાઈ ગી. શાહ**

(પત્ર-લેખકે 'સ્વસ્થ માનવ'માંના પોતાના લેખનાં જે ઑફપ્રિન્ટ્સ મોકલ્યાં છે તે તો શબ્દશઃ અહીં સમાવવાં શક્ય ન હોઇ એમાંના વિચારોની આંશિક તારવણી અમે અહીં રજૂ કરી છે. — સં.)